


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 079
Dt.: 29-11-2025,
Saturday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


# દુનિયાનો ત્રીજો સૌથી શક્તિશાળી દેશ બન્યો ભારત

### માત્ર યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા અને ચીન જ "સુપર પાવર" શ્રેણીમાં સૂચિબદ્ધ : અમેરિકા હજુ પણ ટોપ પર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઓસ્ટ્રેલિયાની પ્રતિષ્ઠિત લોવી (Lowy) ઈન્સ્ટિટ્યૂટે તેમનો વાર્ષિક એશિયા પાવર ઈન્ડેક્સ ૨૦૨૫ જાહેર કર્યો છે, જે એશિયાના ૨૭ દેશોની સેના, આર્થિક, રાજદ્વારી અને સાંસ્કૃતિક પ્રભાવનું વિગતવાર મૂલ્યાંકન કરે છે. આ રિપોર્ટમાં પ્રાદેશિક શક્તિમાં મોટા ફેરફારો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે, જેમાં ચીન એશિયાની પ્રમુખ શક્તિ તરીકે ઉભરી રહ્યું છે. ભારત સતત ઉપર વધી રહ્યું છે અને યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના પ્રભાવમાં પાછલા વર્ષોની તુલનામાં ઘટાડો નોંધાયો છે.

આ રિપોર્ટ આઠ ક્ષેત્રો (સૈન્ય ક્ષમતા, રક્ષા નેટવર્ક, આર્થિક તાકાત, રાજદ્વારી પ્રભાવ, સાંસ્કૃતિક પહોંચ, સ્થિતિસ્થાપકતા અને ભવિષ્યના સંસાધન ક્ષમતા)ના આધારે દેશોનું રેંક કરે છે. આ રિપોર્ટમાં પાકિસ્તાન ટોપના ૧૦ની બહાર આવે છે અને તેને ૧૬મું સ્થાન આપવામાં આવ્યું છે.

વિશ્વના ૧૦ સૌથી પાવરફૂલ દેશો

૧. યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા (US) ૮૦.૫ સુપર પાવર
૨. ચીન ૭૩.૭ સુપર પાવર
૩. ભારત ૪૦.૦ મેજર પાવર
૪. જાપાન ૩૮.૮ મિડલ પાવર
૫. રશિયા ૩૨.૧ મિડલ પાવર
૬. ઓસ્ટ્રેલિયા ૩૧.૮ મિડલ પાવર
૭. દક્ષિણ કોરિયા ૩૧.૫ મિડલ પાવર
૮. સિંગાપોર ૨૬.૮ મિડલ પાવર
૯. ઈન્ડોનેશિયા ૨૨.૫ મમિડલ પાવર
૧૦. મલેશિયા ૨૦.૬ મિડલ પાવર

આ રિપોર્ટમાં એશિયામાં ભારતના વધતા પ્રભાવ પર પ્રકાશ પાડે છે. ૨૦૨૫માં ભારતે ૪૦.૦ ના સ્કોર સાથે 'મેજર પાવર' (Major Power) સ્થિતિની સીમા પાર કરી લીધી છે. રિપોર્ટ અનુસાર, ભારતનો આ ઉદય તેની મજબૂત આર્થિક વૃદ્ધિ અને વધતી લશ્કરી ક્ષમતાઓ દ્વારા પ્રેરિત છે. જો કે, ભારતનો લશ્કરી અને સંસાધન વૃદ્ધિ મહત્વપૂર્ણ રહી છે, પરંતુ તેનો રાજદ્વારી અને આર્થિક પ્રભાવ હજુ સુધી તેની ક્ષમતાઓમાં વૃદ્ધિ સાથે સંપૂર્ણપણે મેળ ખાતો નથી, જે વધુ વિસ્તરણ માટે અપાર સંભાવના દર્શાવે છે. માત્ર યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા અને ચીન જ "સુપરપાવર" શ્રેણીમાં સૂચિબદ્ધ છે. અમેરિકા હુજ પણ ટોપ પર છે, પરંતુ એશિયા પાવર ઈન્ડેક્સ ૨૦૧૮માં લોન્ચ થયા બાદ તેનો સૌથી ઓછો પ્રભાવ સ્કોર બતાવી રહ્યું છે.

વિશ્લેષકો તેનો શ્રેય ટ્રમ્પ વહીવટ દરમિયાન લેવામાં આવેલા નીતિગત નિર્ણયોને આપે છે, જેને એશિયામાં અમેરિકી પ્રભાવ માટે ચોખ્ખી નકારાત્મક તરીકે વર્ણવવામાં આવ્યા છે. ૨૦૧૯ પછી પહેલીવાર રશિયાએ એશિયામાં પોતાનું સ્થાન મજબૂત બનાવ્યું છે. યુક્રેન યુદ્ધ પછી લાદવામાં આવેલા પ્રતિબંધોને કારણે તેણે ગુમાવેલો પ્રભાવ પાછો મેળવ્યો છે. મોસ્કોની વધતી પ્રાદેશિક હાજરી મોટાભાગે ચીન અને ઉત્તર કોરિયા સાથેની તેની વ્યૂહાત્મક રક્ષા અને આર્થિક ભાગીદારી માટે જવાબદાર ઠેરવવામાં આવી છે. રશિયાએ ૨૦૨૪માં ઓસ્ટ્રેલિયા સામે ગુમાવેલું પોતાનું ૫મું સ્થાન પાછું મેળવ્યું છે.

જાપાનનો પ્રભાવમાં અન્ય મધ્યમ શક્તિઓની તુલનામાં વધ્યો છે. આ મજબૂત આર્થિક, તકનીકી અને રાજદ્વારી પહેલને દર્શાવે છે, જે ટોક્યોને એશિયાના બદલાતા શક્તિ ગતિશીલતામાં વધુ સક્ષમ ખેલાડી તરીકે સ્થાન આપે છે. દક્ષિણ કોરિયા અને ઓસ્ટ્રેલિયા જેવા દેશો મધ્યમ શક્તિઓ તરીકે વધુને વધુ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.

### કૌભાંડી રોડ કોન્ટ્રાક્ટરોના દિવસો ભરાયા

## કામ ખરાબ તો કાર્યવાહી થશે જ : નીતિન ગડકરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં વધતા રોડ અને એક્સપ્રેસ વેના નેટવર્ક સાથે ક્વોલિટી પર પણ સરકાર ફોકસ વધારી રહી છે. ત્યારે કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ પોતાના હાથમાં કમાન સંભાળી છે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે જો રસ્તા બનાવવામાં ગુણવત્તા સાથે છેડછાડ થશે, તો તેની માટે દોષી વ્યક્તિ કાર્યવાહી માટે તૈયાર રહે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે રસ્તો બનાવવાનો કોન્ટ્રેક્ટ લેતી વખતે જવાબદાર લોકોએ તેનું ધ્યાન રાખવાનું રહેશે કે ગુણવત્તા સાથે કોઈ છેડછાડ ન થાય.

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ ગાંધીનગરમાં નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)ના અધિકારીઓ સાથે આ બાબતે સમીક્ષા બેઠક કરી હતી. બેઠકની અધ્યક્ષતા દરમિયાન તેમણે કોન્ટ્રાક્ટરોને ચેતવણી આપી કે રસ્તાના બાંધકામમાં ઉચ્ચ ગુણવત્તા જાળવી રાખવામાં આવે, નહીંતર કાર્યવાહીનો સામનો કરવા માટે તૈયાર રહો.

સમીક્ષા બેઠક દરમિયાન માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રીએ કોન્ટ્રાક્ટરોને હાઈવેના નિર્માણ



સાથે સાથે પુનર્નિર્માણમાં લોકોની સુવિધા અને સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા પણ કહ્યું.

ગુજરાતને મળશે ૨૦ હજાર કરોડ :- ગડકરીએ આશ્વાસન આપ્યું હતું કે, કેન્દ્ર ગુજરાતમાં નેશનલ હાઈવેના નિર્માણ, પુનઃનિર્માણ અને સંબંધિત પ્રોજેક્ટ્સ માટે ૨૦,૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરશે.

ગડકરીએ ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં નેશનલ હાઈવે ૪૮ના નિર્માણાધીન વિભાગનું નિરીક્ષણ કર્યું અને મોતીપુર ફલાયઓવર અને નેશનલ હાઈવે પર એક અંડરપાસના કામની પ્રગતિની સમીક્ષા કરી હતી. આ દરમિયાન રોડની ગુણવત્તાની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

સરકારે આપ્યો મંત્રીનો સાથ :- સરકાર દ્વારા ઈશ્યુ કરવામાં આવેલ એક નોટિફિકેશનમાં કહેવાયું છે કે, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં યોજાયેલી સમીક્ષા બેઠકમાં ગડકરીએ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને કહ્યું કે રોડ નિર્માણમાં ઉચ્ચ ગુણવત્તા સુનિશ્ચિત કરવામાં આવે, નહીંતર કાર્યવાહીનો સામનો કરવા તૈયાર રહો. કેન્દ્રીય મંત્રીએ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને બધા જ રોડનું બાંધકામ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવાના કડક નિર્દેશ આપ્યા હતા. તમામ સિનિયર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને સરળ ટ્રાફિક સુવિધાને પ્રાથમિકતા આપવા અને તેને ગંભીરતાથી લેવાના આદેશ આપ્યા હતા.

કેમ જરૂરી છે હાઈવેની સારી સ્થિતિ? :- ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે રાજ્યના નેશનલ હાઈવે પર કુલ ટ્રાફિક ભારના ૩૫ ટકાથી વધુ ભાગ આવે છે, જેથી તેનું યોગ્ય સમારકામ થવું જોઈએ, તેમજ જરૂર પડ્યે NHAI વિસ્તારીકરણ કાર્ય પણ કરે.

તેમણે કહ્યું કે, રાજયોમાં હાઈવેના નિર્માણ અને ક્વોલિટીને લઈને હંમેશા સજાગ રહેવું જોઈએ, કારણ કે કોઈપણ રાજ્યના કુલ ટ્રાફિકમાં તેની ભૂમિકા સૌથી વધુ રહે છે.

### ગેંગસ્ટરને દિલ્હીમાંથી પોલીસે ઝડપ્યો

## કેનેડામાં કપિલ શર્માના કેફે પર ફાયરિંગ કરાવનાર ઝડપાયો

### ફાયરિંગ પછી મારા કેફે પર ભીડ વધી : કપિલ શર્મા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે કેનેડામાં સ્થિત પ્રખ્યાત કોમેડિયન કપિલ શર્માના કેપ્સ કેફે પર ફાયરિંગ કરાવવાના મુખ્ય સૂત્રધારની દિલ્હીથી ધરપકડ કરી છે.

પકડાયેલા ગેંગસ્ટરની ઓળખ બંધુ માન સિંહ સેખોં તરીકે થઈ છે, જે ગોલ્ડી ધિલ્લોન ગેંગનો ભારત-કેનેડા સ્થિત હેન્ડલર હોવાનું કહેવાય છે. તેની સામે અનેક ગુનાહિત કેસ નોંધાયેલા છે. ક્રાઈમ બ્રાન્ચે તેના કબજામાંથી એક ઉચ્ચ કક્ષાની PX-3 (મેડ ઈન ચાઈના) પિસ્તોલ અને ૮ જીવતા કારતૂસ પણ જપ્ત કર્યા છે.

આ વર્ષે જુલાઈ મહિનામાં કેનેડાના સરે વિસ્તારમાં ખુલેલા કપિલ શર્માના કેપ્સ કેફેને ત્રણ વખત નિશાન બનાવવામાં આવ્યું હતું. પ્રથમ હુમલો ૧૦ જુલાઈના રોજ થયો હતો, ત્યારબાદ ૭ ઓગસ્ટ અને ૧૬ ઓક્ટોબરે કેફે પર વધુ બે વખત ફાયરિંગ કરવામાં આવ્યું હતું. સદનસીબે, આ ઘટનાઓમાં કોઈને ઈજા થઈ ન હતી.

આ ઘટના અંગે કપિલ શર્માએ બુધવારે મુંબઈમાં પ્રતિક્રિયા આપી હતી. તેણે કહ્યું, "મને લાગે છે કે ત્યાંના નિયમો અને પોલીસ પાસે કદાચ આવી ઘટનાઓને કાબૂમાં લેવાની શક્તિ ન હતી. પરંતુ જ્યારે અમારો કેસ બન્યો, ત્યારે તે કેન્દ્ર સરકાર સુધી પહોંચ્યો અને કેનેડાની સંસદમાં તેના પર ચર્ચા થઈ."


કપિલે એક રસપ્રદ વાત જણાવતા કહ્યું, "હકીકતમાં, ફાયરિંગની દરેક ઘટના પછી, અમારા કેફેમાં પહેલા કરતાં વધુ લોકો આવવા લાગ્યા. તેથી જો ભગવાન મારી સાથે છે, તો બધું બરાબર છે." તેમણે વધુમાં કહ્યું, "ઘણા લોકોએ મારો સંપર્ક કર્યો અને કહ્યું કે ત્યાં ઘણું બધું (અપરાધ) થઈ રહ્યું હતું, પરંતુ મારા કેફે પર ગોળીબાર થયા પછી, તે એક મોટો સમાચાર બન્યો અને હવે ત્યાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધારવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે." આ દરમિયાન, કપિલ શર્માએ ભારત અને ખાસ કરીને મુંબઈની સુરક્ષાની પ્રશંસા કરતાં કહ્યું, "મેં મુંબઈ કે આપણા દેશમાં ક્યારેય અસુરક્ષિત અનુભવ્યું નથી. મુંબઈ જેવું બીજું કોઈ શહેર નથી."

### પુતિન ડિસેમ્બરમાં ભારતના પ્રવાસે આવી રહ્યાં છે

## ભારતના પ્રવાસે આવશે રશિયાના રાષ્ટ્રપતિ પુતિન

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ડિસેમ્બરમાં ભારતના પ્રવાસે આવી રહ્યાં છે. તેમના કાર્યક્રમ વિશે જાણકારી સામે આવી ગઈ છે. પુતિન ૪ અને ૫ ડિસેમ્બરે ભારતના પ્રવાસે રહેશે. આ દરમિયાન તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સાથે-સાથે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સાથે મુલાકાત કરશે. પુતિનનો ભારતનો પ્રવાસ ખાસ રહેવાનો છે. અમેરિકાએ રશિયાથી તેલ ખરીદવાને કારણે ભારત પર ટેરિફ લાગૂ કર્યો હતો.પ્રધાનમંત્રી મોદીએ પુતિનને ભારત આવવાનું આમંત્રણ આપ્યું હતું. તેઓ ૨૩મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલનમાં ભાગ લેશે. આ દરમિયાન મોદી-પુતિન વચ્ચે દ્વિપક્ષીય વાર્તા થશે. ક્રેમલિને પુતિનના પ્રવાસને લઈને જણાવ્યું કે તેની તૈયારી શરૂ થઈ ગઈ છે. તેમના આ પ્રવાસથી ભારત અને રશિયાના સંબંધ વધુ મજબૂત થશે. ઓગસ્ટમાં નેશનલ સિક્યોરિટી એડવાઈઝર અજીત ડોભાલના મોસ્કો પ્રવાસ દરમિયાન પુતિને ભારત આવવાની જાહેરાત કરી હતી. પરંતુ તે સમયે



તેમના કાર્યક્રમની જાણકારી સામે આવી નહોતી. પીએમ મોદી અને પુતિન શંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટ દરમિયાન ચીનમાં મળ્યા હતા. અમેરિકાને ભારત અને રશિયાની દોસ્તી પસંદ આવી રહી નથી. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર રશિયા પાસેથી તેલ ખરીદવાને કારણે ૫૦ ટકા ટેરિફ લગાવ્યો હતો. ટ્રમ્પે આ મુદ્દે ઘણીવાર નિવેદન પણ આપ્યા છે. પરંતુ તેમનું હવે ભારત પ્રત્યે કુણુ વલણ જોવા મળ્યું છે. ટ્રમ્પના ટેરિફ છતાં ભારતે રશિયા સાથે મજબૂત સંબંધ બનાવી રાખ્યા છે.પુતિનના ભારતના પ્રવાસનો કાર્યક્રમ સામે આવ્યો છે. તેઓ ૪ અને ૫ ડિસેમ્બરે ભારતમાં હશે. પુતિન પીએમ મોદી અને રાષ્ટ્રપતિ મુર્મૂ સાથે મુલાકાત કરશે. ભારત રશિયા વચ્ચે ડિફેન્સ ડીલને લઈને ચર્ચા થઈ રહી છે. પરંતુ તે મુદ્દે સત્તાવાર જાણકારી સામે આવી નથી. આ મુલાકાત દરમિયાન બંને નેતાઓ ભારત અને રશિયા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોની પ્રગતિની સમીક્ષા કરશે અને સહયોગના આગામી તબક્કા માટેનો માર્ગ નક્કી કરશે.

### કર્ણાટકમાં કોંગ્રેસની સરકારનું સંકટ ટળ્યું!

## ડી. કે. શિવકુમાર બોલ્યા, મને કોઈ ઉતાવળ નથી

### તેમણે સ્પષ્ટ કર્યું કે મુંબઈની તેમની તાજેતરની મુલાકાત દરમિયાન તેમણે કોઈ પણ પક્ષના નેતા સાથે મુલાકાત કરી ન હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

કર્ણાટકમાં મુખ્યમંત્રી પદને લઈને સત્તાધારી કોંગ્રેસ પક્ષમાં રાજકીય ઘમાસાણ ચરમસીમાએ પહોંચ્યું છે. વર્તમાન મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને નાયબ મુખ્યમંત્રી ડી. કે. શિવકુમાર વચ્ચે સત્તાની ખેંચતાણ ચાલી રહી છે, ત્યારે હવે દલિત મુખ્યમંત્રીની માંગ સાથે ત્રીજા દાવેદાર પણ મેદાનમાં ઉતરતા મામલો વધુ ગંભીર બન્યો છે. જોકે આ સૌની વચ્ચે એક અહેવાલ એવા છે કે શિવકુમારે સીએમ પદને લઈને જે નિવેદન આપ્યું છે તેનાથી મામલો થાળે પડતો દેખાય છે. મુખ્યમંત્રી પદ માટે ચાલી રહેલી અટકળો વચ્ચે, ડી. કે. શિવકુમારે ગુરુવારે એ વાતનો ઈનકાર કર્યો હતો કે તેમણે સિદ્ધારમૈયાને બદલવા અંગે કોઈ વાતચીત કરી છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, "મને કોઈ વાતની ઉતાવળ નથી." તેમણે સ્પષ્ટ કર્યું કે મુંબઈની તેમની તાજેતરની મુલાકાત દરમિયાન તેમણે કોઈ પણ પક્ષના નેતા સાથે મુલાકાત કરી ન હતી અને જો આવી કોઈ ચર્ચા થશે તો તે બેંગલુરુ કે દિલ્હીમાં થશે, મુંબઈમાં નહીં. આ સમગ્ર નેતૃત્વ પરિવર્તનની અટકળોનું મૂળ ૨૦૨૩ના કથિત "સત્તા-ભાગીદારી કરાર"માં છે, જેમાં સિદ્ધારમૈયા અને શિવકુમાર વચ્ચે અઢી-અઢી વર્ષના કાર્યકાળ પર સહમતિ બની હોવાનું કહેવાય છે. શિવકુમારના નજીકના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ફોર્મ્યુલા ૧૮ મે, ૨૦૨૩ના રોજ સિદ્ધારમૈયા, શિવકુમાર, મલ્લિકાર્જુન ખડગે, કે. સી. વેણુગોપાલ, રણદીપ સુરજેવાલા અને ડી. કે. સુરેશ વચ્ચે લાંબી મંત્રણા બાદ નક્કી થયો હતો.શરુઆતમાં સિદ્ધારમૈયા પૂરા પાંચ વર્ષ મુખ્યમંત્રી રહેવાની વાત પર અડગ હતા, પરંતુ ૨૨ નવેમ્બરે ખડગે સાથેની મુલાકાત બાદ તેમનું વલણ નરમ પડ્યું અને તેમણે કહ્યું કે, "હાઈકમાન્ડ સત્તા-ભાગીદારીના મુદ્દે નિર્ણય લેશે." બીજી તરફ, શિવકુમારે તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરી હતી જેમાં લખ્યું હતું કે, "વચન નિભાવવું એ સૌથી મોટી તાકાત છે." આને પાર્ટી હાઈકમાન્ડ માટે એક સ્પષ્ટ સંકેત માનવામાં આવી રહ્યો છે. આ રાજકીય લડાઈમાં હવે કર્ણાટકના ગૃહમંત્રી અને વરિષ્ઠ દલિત નેતા જી. પરમેશ્વરે પણ ઝંપલાવ્યું છે. તેમણે કહ્યું કે, "હું હંમેશા મુખ્યમંત્રી પદની રેસમાં રહ્યો છું." તેમણે યાદ અપાવ્યું કે ૨૦૧૩માં જ્યારે કોંગ્રેસ સત્તામાં આવી ત્યારે તેઓ ઙ્ગઝઝના અધ્યક્ષ હતા અને દલિત સંગઠનો લાંબા સમયથી દલિત મુખ્યમંત્રીની માંગ કરી રહ્યા છે.હવે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધી સહિતનું કેન્દ્રીય નેતૃત્વ આ મુદ્દાનો કાયમી ઉકેલ લાવવા માટે બંને નેતાઓ સાથે વાતચીત કરવાની તૈયારી કરી રહ્યું છે. આ દરમિયાન, શિવકુમારના સમર્થક કેટલાક ધારાસભ્યો નેતૃત્વ પરિવર્તન માટે હાઈકમાન્ડ પર દબાણ લાવવા માટે દિલ્હીમાં પડાવ નાખીને બેઠા હોવાના અહેવાલ છે.

## દિતવાહ વાવાઝોડાએ શ્રીલંકામાં વિનાશ વેર્યોઃ ૫૬ના મોત, ૨૦થી વધુ ગુમ

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલંબો

દિતવાહ વાવાઝોડાએ ભારતના પડોશી દેશ શ્રીલંકામાં વિનાશ વેર્યો છે. આ વાવાઝોડાના કારણે દક્ષિણ ભારતના રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. વાવાઝોડાની અસર ભારત પર થાય તે પહેલા શ્રીલંકામાં ભારે પવન સાથે વરસાદના કારણે ૫૬ લોકોના મોત થયા છે. જ્યારે ૨૦થી વધુ લોકો હજુ પણ ગુમ છે. હવામાન ખાતાને આશંકા છે કે આગામી ૧૨ કલાકમાં આ વાવાઝોડું હજુ પણ શક્તિશાળી થઈ શકે છે.

વાવાઝોડાના કારણે શ્રીલંકામાં સ્ટોક માર્કેટ પણ વહેલું બંધ કરી દેવાની નોબત આવી છે. ખરાબ વાતાવરણના કારણે કોલમ્બોની પાંચ ફલાઈટ ભારતના તિરુવનંતપુરમ ડાયવર્ટ કરવામાં આવી છે. વાવાઝોડાના કારણે શ્રીલંકામાં ઠેર ઠેર વરસાદ તો વરસી જ રહ્યો છે પણ સાથે સાથે ભૂસ્ખલન પણ થઈ રહ્યા છે. સમગ્ર શ્રીલંકામાં શાળા કોલેજો બંધ કરવાના આદેશ અપાયા છે. રેલવે સેવા સ્થગિત કરી દેવામાં આવી છે. લોકોને શાળા અને પબ્લિક શેલ્ટર્સમાં આશરો આપવામાં આવી રહ્યો છે. વાવાઝોડું હવે ભારત તરફ આગળ વધી રહ્યું છે. જેના કારણે તમિલનાડુમાં આગામી પહેલી ડિસેમ્બર સુધી અતિભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. તમિલનાડુ માટે ખાસ કરીને ૨૯ અને ૩૦ નવેમ્બર એમ ૪૮ કલાકનો સમય સૌથી મોટો ખતરો રહેશે. હવામાન વિભાગની આગાહી અનુસાર વાવાઝોડું રવિવારે સવારે દક્ષિણ ભારતના દરિયાકાંઠે પહોંચશે.




# તંત્રી લેખ......

## આવશ્યક કાર્યમાં અવરોધ, એસઆઈઆરનો વિરોધ ખોટો

વિશેષ સઘન સુધારણા ઓફ ઈલેક્ટોરલ રોલ્સ સામે સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવામાં આવી રહેલી દલીલો સ્પષ્ટપણે દર્શાવે છે કે સંકુચિત રાજકીય કારણોસર આ આવશ્યક પ્રક્રિયાને અવરોધવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. સુપ્રીમ કોર્ટે અવરોધો ઉભા કરનારાઓને અરીસો બતાવીને કહ્યું કે બિહારમાં એક પણ વ્યક્તિ મતદાર યાદીમાંથી તેમનું નામ દૂર કરવામાં આવ્યું હોવાની ફરિયાદ કરવા આગળ આવ્યો નથી.

એ પણ નોંધનીય છે કે બિહારમાં એસઆઈઆર દરમિયાન ચોક્કસ વ્યક્તિઓના મત કાઢી નાખવામાં આવી રહ્યા હોવાનો આરોપ લગાવનારાઓ પણ આવા કથિત પીડિતોના કોઈ ઉદાહરણ આપી શક્યા નથી. બિહારમાં એસઆઈઆર પર તેમને શરમનો સામનો કરવો પડ્યો હોવા છતાં, તેઓ ધીરજ રાખી રહ્યા નથી અને હવે ૧૨ રાજ્યોમાં એસઆઈઆર પ્રક્રિયાને રોકવા માટે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરી રહ્યા છે. આ હકીકત હોવા છતાં છે કે એસઆઈઆર પ્રક્રિયામાં આશરે ૬૫ ટકા ફોર્મ ભરાઈ ગયા છે. આનો અર્થ એ છે કે લોકો આ પ્રક્રિયામાં ભાગ લઈ રહ્યા છે. એસઆઈઆર જરૂરી છે કારણ કે મૃત્યુ પામેલા અથવા સ્થળાંતર કરનારા મોટી સંખ્યામાં લોકો મતદાર યાદીમાં નોંધાયેલા છે. વધુમાં, એવા લોકો પણ છે જેમની પાસે ડુપ્લિકેટ મતદાર આઈડી કાર્ડ છે. ચૂંટણી પંચ એસઆઈઆર દ્વારા આ વિસંગતતાઓને દૂર કરી રહ્યું છે, પરંતુ કોઈ અજ્ઞાત કારણોસર, વિરોધી પક્ષો તેનાથી ખુશ નથી. તેઓ મતદાર યાદીઓમાં અનિયમિતતાઓ અંગે પણ ફરિયાદ કરી રહ્યા છે અને એસઆઈઆર હાથ ધરવા માંગતા નથી.

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે ચૂંટણી પંચને એસઆઈઆર દરમિયાન દસ્તાવેજો ચકાસવાનો અધિકાર છે. તેને આ અધિકાર આપવો જોઈએ, કારણ કે એ હકીકત છે કે મતદાર ઓળખ કાર્ડથી લઈને આધાર કાર્ડ સુધી બધું જ નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરીને મેળવવામાં આવ્યું છે. બંગાળ જેવા રાજ્યોમાં મોટી સંખ્યામાં બાંગ્લાદેશી ઘૂસણખોરો મતદાર બન્યા છે તે ભય પાયાવિહોણો નથી. તેમનું બાંગ્લાદેશ પરત ફરવું આ વાતની પુષ્ટિ કરે છે. જ્યારે આધાર એક માન્ય ઓળખ કાર્ડ છે, તે પણ છેતરપિંડીથી મેળવેલ હોઈ શકે છે. આવી સ્થિતિમાં, ચૂંટણી પંચને દસ્તાવેજો ચકાસવાનો અધિકાર આપવો જોઈએ.

એ સાચું છે કે ચૂંટણી પંચને કોઈની નાગરિકતા ચકાસવાનો અધિકાર નથી, પરંતુ તેનો અર્થ એ નથી કે તેણે SIR હેઠળ તેને પૂરા પાડવામાં આવેલા દસ્તાવેજો ચકાસવા જોઈએ નહીં. સુપ્રીમ કોર્ટે ગૃહ મંત્રાલયને રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર દ્વારા નાગરિકતા ચકાસવાનો આદેશ આપવાનો સમય આવી ગયો છે. જો આ કાર્ય કરવામાં નહીં આવે તો ઘૂસણખોરો નકલી દસ્તાવેજો દ્વારા ભારતના મતદાર બનતા રહેશે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૫૦૬ અને ચાંદીના વાયદામાં રૂ.૧૩૫૪ની વૃદ્ધિઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૪ ઢીલો

**કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૬૧૪.૮૯ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૯૮૩૯૭.૧૮ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૬૪૪૯.૭૦ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૦૨૨૯ પોઈન્ટના સ્તરે**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૨૭૦૧૬.૫૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૬૧૪.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૯૮૩૯૭.૧૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૦૨૨૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૦૩૫.૧૫ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૬૪૪૯.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૫૭૨૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૬૨૮૩ અને નીચામાં રૂ.૧૨૫૫૧૦ના મથાળે અથડાઈ, રૂ.૧૨૫૫૦૪ના આગલા બંધ સામે રૂ.૫૦૬ વધી રૂ.૧૨૬૦૧૦ થયો હતો. ગોલ્ડ-ગિની નવેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૦૦ વધી રૂ.૧૦૨૦૦૦ થયો હતો. ગોલ્ડ-પેટલ નવેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૩૦ વધી રૂ.૧૨૮૦૬ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫૫ વધી રૂ.૧૨૬૦૨૦ થયો હતો. ગોલ્ડ-ટેન નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૬૧૭૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૬૯૨૮ અને નીચામાં રૂ.૧૨૫૧૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૨૫૬૭૨ના આગલા બંધ સામે રૂ.૪૩૧ વધી રૂ.૧૨૬૧૦૩ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૬૩૮૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૫૨૦૧ અને નીચામાં રૂ.૧૬૩૩૬૨ના મથાળે અથડાઈ, રૂ.૧૬૨૪૬૭ના આગલા બંધ સામે રૂ.૧૩૫૪ વધી રૂ.૧૬૩૮૨૧ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૨૧૦૩ વધી રૂ.૧૬૫૩૬૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૨૪૫૭ વધી રૂ.૧૬૫૩૩૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૮૩૦.૬૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું નવેમ્બર વાયદો રૂ.૨.૪ વધી રૂ.૧૦૧૨.૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત નવેમ્બર વાયદો રૂ.૪.૬૫ વધી રૂ.૩૧૧.૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો રૂ.૧.૩ ઘટી રૂ.૨૬૭.૮૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો ૪૦ પૈસા વધી રૂ.૧૮૨.૧૫ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૩૭૨.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી નવેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૦૭૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૦૯૭ અને નીચામાં રૂ.૩૦૭૧ના મથાળે અથડાઈ, રૂ.૨૧ વધી રૂ.૩૦૯૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૨૮૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૩૦૮ અને નીચામાં રૂ.૫૨૮૦ના સ્તરને સ્પર્શી, રૂ.૫૨૯૦ના આગલા બંધ સામે રૂ.૪ ઘટી રૂ.૫૨૮૬ થયો હતો. ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૫ ઘટી રૂ.૫૨૮૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ ૨૦ પૈસા વધી રૂ.૪૧૩.૩ થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો ૧૦ પૈસા વધી રૂ.૪૧૩.૨ થયો હતો.કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૦૩.૫ના ભાવે ખૂલી, ૯૦ પૈસા વધી રૂ.૯૦૨ થયો હતો. કોટન ડિસેમ્બર વાયદો કોઈ ફેરફાર વગર રૂ.૨૫૧૫૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૮૫ના ભાવે ખૂલી, રૂ.૮ વધી રૂ.૨૬૯૦ના ભાવે બોલાયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૮૦૦૧.૮૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૪૪૭.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૪૯૩.૬૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૨૨.૦૨ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૨.૯૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦૧.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૩.૫૨ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૯૮.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૦૬૦.૫૬ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૨.૩૫ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૧૩ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૮૦ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૫૬૬૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૨૦૦૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૦૦૪૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૯૫૨૩૭ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૦૭૧૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૩૫૧૨ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૧૬૭૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૨૧૮૪૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૯૨ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૩૦૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૬૯૭૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૦૧૯૭ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૦૩૨૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૦૦૧૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૧૬ પોઈન્ટ વધી ૩૦૨૨૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩.૮ ઘટી રૂ.૧૫૩.૬ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૪૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૧૫ પૈસા વધી રૂ.૨૮.૪ થયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૩૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૫.૫ વધી રૂ.૬૪૬ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૯૦.૫ વધી રૂ.૫૬૧૪.૫ થયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૦૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૨૨ વધી રૂ.૧૮.૧૧ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૦૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૧૦ પૈસા ઘટી રૂ.૨.૭૨ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩.૧૫ ઘટી રૂ.૧૫૬.૧૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર રૂ.૪૧૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૧૦ પૈસા વધી રૂ.૨૬.૧ થયો હતો. સોનું-મિની નવેમ્બર રૂ.૧૨૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૬.૫ વધી રૂ.૩૩૭.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ડિસેમ્બર રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૫૧ વધી રૂ.૫૮૦૫.૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ ૧૦ પૈસા ઘટી રૂ.૧૭૦.૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૪૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫ પૈસા ઘટી રૂ.૨૫.૦૫ના ભાવે બોલાયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪ ઘટી રૂ.૩૮૨.૫ થયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૮.૫ ઘટી રૂ.૧૦૭૩ના ભાવે બોલાયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૮૮ પૈસા ઘટી રૂ.૬.૬ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૩૪ પૈસા વધી રૂ.૪.૯૪ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧ વધી રૂ.૧૭૩.૬ થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર રૂ.૪૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૧૦ પૈસા વધી રૂ.૨૫.૨ના ભાવે બોલાયો હતો. સોનું-મિની નવેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૭ ઘટી રૂ.૫૪.૫ થયો હતો. ચાંદી-મિની ડિસેમ્બર રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૬૩.૫ ઘટી રૂ.૩૧૦૦ થયો હતો.

## ખોટા ધ્વજવાળાં જહાજોથી ભારતમાં ૨ અબજ યુરોના રશિયન ક્રૂડની આયાત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતે જાન્યુઆરીથી સપ્ટેમ્બર 2025 દરમિયાન ખોટા ધ્વજવાળા 30 જહાજો દ્વારા રશિયાથી 2.1 અબજ યુરોના મૂલ્યના 54 લાખ ટન ક્રૂડ ઓઈલની આયાત કરી હતી. રશિયા પશ્ચિમ દેશોના પ્રતિબંધોથી છટકવા માટે જહાજોના ગુપ્ત નેટવર્ક (શેડો ફ્લીટ)માં વધારો કરી રહ્યું છે અને ભારતની આ આયાત કોઈ એક દેશની આયાત કરતાં સૌથી વધુ છે, એવો યુરોપની એક થીન્ક ટેન્કે ગુરુવારે દાવો કર્યો હતો.યુક્રેન પર ક્રેમલિનના આક્રમણ પછી પશ્ચિમી દેશોએ રશિયન ઊર્જા પર આકરા પ્રતિબંધો લાદ્યા છે. રશિયા આ પ્રતિબંધો ટાળીને ચીન, ભારત અને તુર્કીને ક્રૂડ ઓઈલની નિકાસ કરે છે.

આવી નિકાસ કરવા માટે શેડો ફ્લીટનો ઉપયોગ કરાયા છે. તેમાં સંદિગ્ધ માલિકી, ખોટા રજિસ્ટ્રેશન પેપર્સ સાથેના જૂના ટેન્કરોનો ઉપયોગ થાય છે અને તેમાં ટ્રેકિંગ સિસ્ટમ ચાલતી હોતી નથી.હેલસિંકી સ્થિત સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર (CREA) જણાવ્યું હતું કે ચાલુ વર્ષના પ્રથમ નવ મહિનામાં ખોટા ધ્વજ સાથેના 113 રશિયન જહાજોએ સફર કરી હતી અને રશિયાની કુલમાંથી 13 ટકા ક્રૂડ ઓઈલની નિકાસ કરી હતી. આ નિકાસ 1.1 કરોડ ટન એટલે કે 4.7 અબજ ડોલર (5.4 અબજ) ડોલરની હતી. સપ્ટેમ્બર 2025 સુધીમાં 90 રશિયન શેડો જહાજો ખોટા ધ્વજ હેઠળ કાર્યરત હતાં. આ સંખ્યા ડિસેમ્બર 2024ની સરખામણીમાં છ ગણી વધુ છે.CREA જણાવ્યું કે 2025ના પ્રથમ નવ મહિના દરમિયાન આવા 30 જહાજોએ ભારતમાં ક્રૂડ તેલ મોકલ્યું હતું. 2025ના પહેલા ત્રણ ક્વાર્ટરમાં ખોટા ફ્લેગવાળા ટેન્કરો મારફત હેરફેર કરાયેલા 4.7 અબજ યુરોના રશિયન તેલમાંથી 2.1 અબજ યુરો (54 લાખ ટન) ભારતમાં પરિવહન કરવામાં આવ્યું હતું. અહીં ઉલ્લેખનીય છે કે ફેબ્રુઆરી 2022માં યુક્રેન યુદ્ધ પછી રશિયાથી ભારતની ક્રૂડ ઓઈલની આયાત 1 ટકાથી વધીને 40 ટકા થઈ છે.

### કેજરીવાલે કહ્યું- એર પ્યોરિફાયર પરથી GST હટાવો

## દિલ્હીના પ્રદૂષણ મુદ્દે સંસદમાં ચર્ચા કરાવવા રાહુલ ગાંધીની માંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીમાં છેલ્લા ઘણાં દિવસોથી હવામાન ખરાબ છે. આજે શુક્રવારે પણ રાજધાનીની હવાની ગુણવત્તા ખૂબ જ ખરાબ રહી હતી અને તેનો એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ૩૮૪ નોંધાયો હતો. હવાની ગુણવત્તામાં કોઈ સુધારો ન થતાં લોકો ઝેરી હવામાં શ્વાસ લેવા મજબૂર બન્યા છે અને આ પ્રદૂષણનો મામલો સુપ્રીમ કોર્ટમાં પણ ચાલી રહ્યો છે. આ પ્રદૂષણના મુદ્દે વિપક્ષ સતત સરકાર પર આક્રોશ વ્યક્ત કરી રહ્યો છે. લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ સંસદમાં તાત્કાલિક આ પ્રદૂષણ પર ચર્ચા કરાવવાની માંગ કરી છે. તેમણે એક વીડિયો પોસ્ટ કરીને કહ્યું કે, હું જે પણ માતાને મળું છું, તે મને એ જ કહે છે - તેનું બાળક ઝેરી હવામાં શ્વાસ લઈને મોટું થઈ રહ્યું છે. તેઓ થાકેલા, ડરેલા અને ગુસ્સમાં છે. આ મામલે રાહુલ ગાંધીએ પીએમ મોદીને પ્રશ્ન કરતા કહ્યું કે, મોદીજી, ભારતના બાળકોનો આપણી સામે જ શ્વાસ રૂંધાઈ રહ્યો છે. તમે ચૂપ કેવી રીતે રહી શકો? તમારી સરકાર કોઈ ઉતાવળ, કોઈ યોજના કે પછી કોઈ જવાબદારી કેમ નથી બતાવતી?

સંસદમાં પ્રદૂષણને લઈને ચર્ચા કરાવવાની માંગ કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે, દેશને વાયુ પ્રદૂષણ પર તાત્કાલિક, સંસદમાં વિસ્તૃત ચર્ચા અને આ હેલ્થ ઈમરજન્સીનો સામનો કરવા માટે એક સખત, લાગુ કરી શકાય તેવા એક્શન પ્લાનની જરૂર છે. આપણા બાળકોને સ્વચ્છ હવા મળવી જોઈએ, બહાના અને ધ્યાન ભટકાવનારી વસ્તુઓ નહીં. આ જ રીતે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે પણ વાયુ પ્રદૂષણ પર કહ્યું કે, સ્વચ્છ હવા અને સ્વચ્છ પાણી દરેક નાગરિકનો મૂળભૂત અધિકાર છે. દિલ્હી સહિત ઉત્તર ભારતમાં હવા જીવલેણ થઈ ચૂકી છે અને સમસ્યાનું સમાધાન આપવાને બદલે સરકાર જનતા પાસેથી ટેક્સ વસૂલી રહી છે. લોકો પોતાના પરિવારને પ્રદૂષણથી બચાવવા માટે એર પ્યોરિફાયર લેવા જાય છે અને ત્યાં ખબર પડે છે કે સરકાર તેના પર ૧૮% GST વસૂલી રહી છે. આ અન્યાય છે. એર પ્યોરિફાયર પરથી GST હટાવવાની માંગ કરતા AAP નેતાએ કહ્યું, હું કેન્દ્ર સરકાર પાસે માંગ કરું છું કે એર અને વોટર પ્યોરિફાયર પર લગાવેલો GST તાત્કાલિક હટાવવામાં આવે. જો સમાધાન નથી આપી શકતા, તો ઓછામાં ઓછું જનતાના ખિસ્સા પર બોજ નાખવાનું બંધ કરો.

### ૨૦૨૬ સુધી જી-૨૦ દેશોના સમૂહનું નેતૃત્વ અમેરિકા કરશે

## દ. આફ્રિકાને USમાં યોજાનારી જી-૨૦માં આમંત્રણ નહીંઃ ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકન પ્રમુખપદ હેઠળ આગામી વર્ષે ફ્લોરિડાના માયામી ખાતે યોજાનારી જી-૨૦ દેશોના શિખર સંમેલનમાં દક્ષિણ આફ્રિકાને મંત્રણ નહીં મળે એમ ડોનાલ્ડ ટ્રમ્પે કહેતાં ઉમેર્યુ હતું કે દક્ષિણ આફ્રિકા કોઈપણ જગ્યાએ અને કોઈપણ જૂથનું સભ્યપદ મેળવવા માટે લાયકાત અને પાત્રતા ધરાવતો નથી.અમેરિકા ૧ ડિસેમ્બર-૨૦૨૫ના રોજ દક્ષિણ આફ્રિકા પાસેથી જી-૨૦ દેશોનું પ્રમુખપદ લેશે અને ત્યારબાદ ૩૦ નવેમ્બર-૨૦૨૬ સુધી જી-૨૦ દેશોના આ સમૂહનું નેતૃત્વ અમેરિકા કરશે. આફ્રિકન, ડચ, જર્મન અને ફ્રેંચ વસાહતી ઉપર ગુજારવામાં આવેલાં અત્યાચાર અને તેઓના માનવ અધિકારના ભંગનો ઉકેલ લાવવા અથવા તો તેઓ પર અત્યાચારો થયા હતા એવો એકરાર કરવાનો પણ દક્ષિણ આફ્રિકાએ નકાર કરી દીધો હતો જેના વિરોધમાં અમેરિકાએ તાજેતરમાં યોજાયેલી જી-૨૦ દેશોની બેઠકમાં હાજરી આપી નહોતી એમ પ્રમુખ ટ્રમ્પે ટ્રૂથ ઉપર મૂકેલી એક પોસ્ટમાં કહ્યું હતું.તેમણે વધુમાં કહ્યું હતું કે ખુદ દક્ષિણ આફ્રિકાએ જ વિશ્વને દેખાડી દીધું છે કે તે કોઈપણ જગ્યાએ અને કોઈપણ જૂથનું સભ્યપદ મેળવવાની લાયકાત કે પાત્રતા ધરાવતુ નથી એમ ટ્રમ્પે દક્ષિણ આફ્રિકાની આકરી આલોચના કરતાં કહ્યું હતું.

## આઝાદીના શતાબ્દી વર્ષે વિકસિત ભારતના લક્ષ્યો હાંસલ કરવા માટે સરદાર પટેલના આદર્શો જરૂરી છેઃ કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા






સરદાર@૧૫૦ રાષ્ટ્રીય એકતા પદયાત્રાના ઉપલક્ષ્યમાં સિંધરોટ ખાતે યોજાયેલી સરદાર ગાથામાં ઉપસ્થિત કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું કે, આ પદયાત્રા એકતા, આત્મનિર્ભરતા અને વિકસિત ભારતનો સંદેશો ફેલાવે છે. આજની નવી પેઢીએ તેમના જીવનમાંથી પ્રેરણા લઈને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર અને વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવાનું છે.

કેન્દ્રીય યુવા બાબતો, રમતગમત, શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાએ કહ્યું કે, સમગ્ર દેશમાં ૭૫૦ જિલ્લાઓમાં ૧૫૦૦થી વધુ એકદિવસીય પદયાત્રાઓનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સરદાર પટેલના જીવનકાર્ય, આઝાદીની લડતમાં તેમનું યોગદાન અને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના નિર્માણમાં તેમનું સમર્પણ વિશે ચર્ચા થઈ રહી છે.

ડૉ. માંડવિયાએ સરદાર પટેલને 'એક ભારતના શિલ્પી' તરીકે યાદ કરતા કહ્યું કે તેમણે ૫૬૨ રજવાડાઓને એકસૂત્રે બાંધીને આધુનિક ભારતનું નિર્માણ કર્યું. જર્મનીના બિસ્માર્કે આઠ રાજ્યોને એક કર્યા હતા, પરંતુ સરદારે ૫૬૨ રજવાડાઓનું અભિન્નીકરણ કરીને ઈતિહાસ રચ્યો હતો. આઝાદીના શતાબ્દી વર્ષે આ લક્ષ્યો હાંસલ કરવા માટે સરદારના આદર્શો જરૂરી છે.

તેમણે સરદાર પટેલને આદર્શ સત્યાગ્રહી તરીકે રજૂ કરતા ખેડા અને બારડોલી સત્યાગ્રહનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, દુષ્કાળ વચ્ચે અંગ્રેજોના વધુ મહેસૂલ વિરુદ્ધ ખેડૂતોને એકત્ર કરીને તેમણે અંગ્રેજોને ઝુકાવ્યા અને ખેડૂતોમાં સ્વાભિમાન અને આત્મનિર્ભરતાનો અંતર આપ્યો હતો. જેના કારણે તેમને 'સરદાર'નું બિરુદ મળ્યું હતું. તેમણે ઉત્તમ પ્રશાસક તરીકે અમદાવાદના મેયર તરીકે પ્રથમ વખત ટાઉન પ્લાનિંગનો ખ્યાલ અમલમાં મૂક્યો હતો અને વિક્ટોરિયા ગાર્ડનને લોકમાન્ય તિલક ગાર્ડન તરીકે પુનઃનામ આપીને મહાત્મા ગાંધીએ તેનું ઉદ્ઘાટન કરાવ્યું હતું.

ડૉ. માંડવિયાએ સરદારની દૂરદૃષ્ટિના ઉદાહરણો આપતા કહ્યું કે, જૂનાગઢમાં આરઝી હકૂમત અને હૈદરાબાદમાં પોલીસ એક્શન દ્વારા તેમનું ભારતમાં વિલીનીકરણ ઉપરાંત રાધનપુરના નવાબના પાકિસ્તાન સાથે જોડાવાના પ્રયાસને ટાળવા માટે સરદારે તાત્કાલિક વિમાન અને હેલિકોપ્ટરથી પહોંચીને નવાબને રાજી કર્યા અને દીવાનને લિફાફામાં વિલીનીકરણની પત્ર આપીને ચિંતા દૂર કરી હતી. આ ઘટના તેમની તીવ્ર દૂરદૃષ્ટિ અને ઝડપી કાર્યવાહીને દર્શાવે છે, જે અખંડ ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ હતી.

મંત્રીશ્રીએ સરદારના પરિવાર પ્રત્યેના સમર્પણ પર આભારી થઈને કહ્યું કે બેરિસ્ટર બનવા માટે ઈંગ્લેન્ડ જવાની તક મોટા ભાઈ વિઠ્ઠલભાઈને આપી હતી અને પોતાની પ્રેક્ટિસ તથા પરિવારની જવાબદારી સંભાળી હતી. તેમની પુત્રી મણી બહેનનું તેમના જીવન પ્રત્યેનું અંતરિમ સમર્પણ અદ્ભુત હતું; તેમણે પિતાના કાર્યભાર, હિસાબ-કિતાબ, દિનચર્યા અને વસ્ત્રો સિલાઈ સુધીની તમામ જવાબદારીઓ નિભાવી હતી. એકવાર જબ્બા પર રફૂ જોવા મળતાં કોઈએ પૂછ્યું તો સરદારે કહ્યું કે કપડું ફાટી શકે, પરંતુ સેવાની સાધના અને સંસ્કારો મહત્વના છે, જે મણી બહેને શીખવ્યા હતા.

ડૉ. માંડવિયાએ સરદારની સાદગી અને અનુશાસન પર ભાર મૂકતા કહ્યું કે જેલમાં પણ તેમણે તમામ નિયમોનું પાલન કર્યું હતું અને કાંકરાવાળા ખોરાકને પાણીમાં ઉકાળીને કાંકરા અલગ કરીને સાથી કેદીઓને માતૃભૂમિ માટે જીવન જીવવાની સલાહ આપી હતી. આઝાદી પછી વચગાળાની સરકારમાં પ્રધાનમંત્રી પદ માટે ૧૭ પ્રાંતોમાંથી ૧૫ની સંમતિ હતી, પરંતુ મહાત્મા ગાંધીની ઈચ્છા સમજીને જવાહરલાલ નેહરુને તે પદ આપી દીધું હતું, જે તેમના સમર્પણ અને આજ્ઞાંકિત કાર્યકર્તાનું ઉદાહરણ છે.

તેમણે પદયાત્રાના યુવા ભાગીદારોને સંબોધીને કહ્યું કે કરમસદથી એકતા નગર સુધીની ૧૫૦ કિ.મી.ની આ પદયાત્રા આજે ત્રીજા દિવસે વડોદરા જિલ્લામાં પ્રવેશી છે, જેમાં સમગ્ર દેશમાંથી યુવાનો જોડાયા છે.

માય ભારત પ્લેટફોર્મ પર સરદારના જીવન પર આયોજિત ક્વિઝમાં ૫ લાખથી વધુ યુવાનોએ ભાગ લીધો હતો, જેમાંથી મેરિટ પર આવેલા ૧૫૦ પદયાત્રીઓમાંથી ૫૦ અહીં હાજર છે. આ પદયાત્રા દેશમાં એકતા, આત્મનિર્ભરતા અને વિકસિત ભારતનો સંદેશો ફેલાવી રહી છે, જે મીડિયામાં પણ વ્યાપક ચર્ચામાં છે.

તેમણે કહ્યું કે સરદાર પટેલે દેશને એક બનાવ્યો અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દેશને શ્રેષ્ઠ અને વિકસિત બનાવી રહ્યા છે. આ માટે આપણે સરદારના જીવનમાંથી પ્રેરણા લઈને કર્તવ્ય પ્રત્યે સમર્પિત થઈએ.

પ્રારંભે ધારાસભ્ય શ્રી ચૈતન્યસિંહ ઝાલાએ સ્વાગત પ્રવચનમાં સરદાર પટેલના દેશી રજવાડાઓના ભારતમાં વિલિનીકરણમાં સરદાર પટેલના યોગદાનને વર્ણવ્યું હતું.

કાર્યક્રમની સાથે ગામના તેજસ્વી છાત્રો, પૂર્વ સૈનિકો સહિત સમાજ સેવામાં યોગદાન આપનારા નાગરિકોનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત સ્વદેશી શપથ પણ લેવામાં આવ્યા હતા.

### ઉજ્જૈનમાં શિપ્રાના તટ પર આયોજન

## મ.પ્ર.ના મુખ્યમંત્રીના દીકરાના વિવાહ સમૂહ લગ્નમાં થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ભોપાલ

મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી ડો. મોહન યાદવ એક પ્રશંસનીય પગલું ભરીને સમાજમાં નવો આદર્શ સ્થાપિત કરી રહ્યા છે. તેઓ પોતાના નાના પુત્ર ડો. અભિમન્યુ યાદવના લગ્ન સામાન્ય રીતે આર્થિક રીતે નબળા લોકો માટે આયોજિત થતા સામૂહિક વિવાહ સમારોહ દરમિયાન યોજી રહ્યા છે. જ્યારે આજના યુગમાં લગ્ન મોટાભાગે સ્ટેટસ સિમ્બોલ અને સંપત્તિ તથા આર્થિક તાકાતના પ્રદર્શનના અવસરમાં ફેરવાઈ ગયા છે, ત્યારે CMનો આ નિર્ણય ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. મુખ્યમંત્રીના પુત્ર ડો. અભિમન્યુ યાદવ અને તેમના થનારા વહુ ડો. ઈશિતા યાદવ પટેલ(બંને ડોક્ટર છે)ના લગ્ન ૩૦ નવેમ્બરના રોજ ઉજ્જૈનના શિપ્રા તટ પર યોજાશે. અખિલ ભારતીય યાદવ મહાસભા દ્વારા આયોજિત આ સામૂહિક વિવાહ સમારોહમાં CMના પુત્ર સહિત ૨૧ અન્ય યુગલોના લગ્ન પણ થશે. સૌથી ખાસ વાત એ છે કે, મુખ્યમંત્રીના પુત્ર માટે કોઈ વિશેષ વ્યવસ્થા, સજાવટ કે તામઝામ કરવામાં આવી રહ્યો નથી. ઝસ્ના પુત્રના લગ્ન બાકીના તમામ યુગલોની જેમ જ સંપૂર્ણ સાદગીથી થશે.

આયોજનની તૈયારીમાં જોડાયેલા લોકોએ જણાવ્યું કે મુખ્યમંત્રીએ તેમના આમંત્રણ પત્રોમાં ખાસ વિનંતી કરી છે કે આમંત્રિતો કોઈપણ પ્રકારની ભેટ ન આપે.મુખ્યમંત્રી મોહન યાદવ દ્વારા પોતાના સંતાનના લગ્ન સાધારણ રીતે કરવાની આ પ્રથમ ઘટના નથી. ગયા વર્ષે તેમના મોટા પુત્ર વૈભવના લગ્ન પણ રાજસ્થાનમાં ખૂબ જ સાધારણ રીતે કરવામાં આવ્યા હતા.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

### વિકાસની મેચમાં વિજયી થવા ટીમ ગુજરાત સજ્જ: મુખ્યમંત્રી, મંત્રીઓ અને અધિકારીઓ રમ્યા ક્રિકેટ

# કામના નિકાલને બદલે ઉકેલનુ પોઝીટીવ થીકીંગ રાખીએ: મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજય સરકારની ૧૨ મી ચિંતન શિબિરનો પ્રારંભ કરાવતા સ્પષ્ટપણે જણાવ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હંમેશા સમયથી આગળનુ વિચારીને અને સતત ચિંતન કરીને ગ્લોબલી આગળ રહેવાની સંસ્કૃતિ ચિંતન શિબિર થકી વિકસાવી છે, ગમે તેવી સ્થિતિ હોય દ્રઢ, મનોબળ અને અડગ વિશ્વાસથી વિકાસની ગતિ અને સામાન્ય માનવીના ભલા માટેના કામોની દિશામાં આગળ વધવા માટે સામુહિક ચિંતનનુ પ્લેટફોર્મ આવી ચિંતન શિબિર પુરૂ પાડે છે,

મુખ્યમંત્રીએ દરેક ચિંતન શિબિરના પ્રારંભમાં પ્રસ્તૃત થતા પ્રેરણા ગીત મનુષ્ય તુ બડા મહાન હૈ, ની વિભાવના માર્મીક રીતે સમજાવતા કહ્યુ હતુ કે આપણામાં જે અનંત શકિત પડેલી છે તેની તાકાત ક્ષમતા ઓળખીને પ્રજાના હીતનુ કામ સતત કરતા રહેવુ, તેની પ્રેરણા ચિંતન શિબિરના વિચાર મંથનથી મળે છે તેમણે વધુમાં કહ્યુ કે આપણને જે જવાબદારી મળી છે તેને પુરી નિષ્ઠાથી નિભાવીએ અને લોકોના કામના નિકાલને બદલે ઉકેલ લાવીએ તેવા પોઝીટીવ થીકીંગ થી કાર્યરત રહીએ તો જ ઈશ્વરે આપણને આપેલી જનસેવાની તક ને ઉજાળી શકીશુ, આ માટે જે કામ કરીએ તેનુ મુલ્યાંકન ચિંતન કરીને તેના પરીણામોનુ પણ મંથન સમયાંતરે કરવાની જરૂરીયાત તેમણે સમજાવી હતી, મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચિંતન શિબિરની ૨૦૦૩ માં શરૂઆત કરાવતા કહેલી વાત સાથે આવવુ શરૂઆત છે, સાથે વિચારવુ એ પ્રગતિ છે અને સાથે કામ કરવુ એ સફળતા છે, નો ઉલ્લેખ કરતા જણાવ્યુ હતુ કે સામુહિક ચિંતનથી સામુહિક વિકાસનો ધ્યેય ચિંતન શિબિરોથી પાર પડયો છે, હવે આપણે વધુ તેજ ગતિ અને શ્રેષ્ઠતા તરફ સાથે મળીને આગળ જવાનુ મંથન ૩ દિવસની શિબિરમાં કરવુ છે, પુજય બાપુને પ્રિય ભજન વૈષ્ણવજન તો નો મર્મ અને અર્થ પણ સમગ્ર સેવાકાળમાં અપનાવીને સૌના કલ્યાણ માટે હંમેશા કર્તવ્યરત રહેવાની તેમણે અપીલ કરી હતી. ભુપેન્દ્ર પટેલે વડાપ્રધાને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનુ જે




આહવાન કર્યુ છે તેમાં ગુજરાતને લીડ લેવા સજજ કરવામાં શિબિરનુ વિચાર મંથન ઉપયુકત બનશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. તેમણે ગુજરાતની સ્થાપનાના ૭૫ વરસની ઉજવણીનો અવસર ૨૦૩૫ માં આવશે તેને ૨૦૪૭ ના વિકસિત ભારત વિકસિત ગુજરાત માટેનો જે રોડ મેપ આપણે તૈયાર કર્યો છે તેનો એક માઈલસ્ટોન ગણાવ્યો હતો. મુખ્યમંત્રીએ વધુમાં કહ્યુ હતુ ક આ રોડમેપને પ્રજાની સુખાકારી માટે વધુ ઉપયોગી અને નવીનતા સભર કઈ રીતે બનાવી શકાય તે માટેના પોતાના વિચારો પણ ત્રિદિવસીય ચિંતન શિબિરના ચર્ચા સત્રોમાં મળે તેવી તેમની અપેક્ષા છે, સામાન્ય વહિવટ વિભાગના અગ્ર સચિવ હારીત શુકલાએ સ્વાગત પ્રવચન કરીને ૧૨ મી ચિંતન શિબિરની રૂપરેખા આપી હતી. તેમણે અગાઉ યોજાઈ ગયેલી ચિંતન શિબિરોની યાદોને વાગોળતા જણાવ્યુ હતુ કે અગાઉની ચિંતન શિબિરોમાં થયેલી ચર્ચાના આધારે જે ભલામણો થઈ તેના પર નિર્ણય લેવાથી વહિવટમાં ઘણી ગતિ આવી છે. તેમણે ચિંતન શિબિરના એજન્ડા નકકી કરવા માટે કરવામાં આવેલા મનોમંથનની વિગતો આપી ઉપસ્થિત ટીમ ગુજરાતના સભ્યો શિબિરમાંથી મેળવેલા નિષ્કર્ષને જાહેર વહિવટ અને સેવાને સરળ બનાવવા અનુરોધ કર્યો હતો.

ધરમપુર રાજય સરકારની ચિંતન શિબિરમાં સામેલ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા મંત્રીઓ અને અધિકારીઓ સાથે મળીને ઉત્સાહભેર ક્રિકેટ રમ્યા હતા, મુખ્યમંત્રીએ પણ બેટીંગ બોલીંગ કરી હતી, વિકાસની મેચ માં વિજય થવા ટીમ ગુજરાત, સજજ હોવાના સંદેશ સાથે લીડરશીપ, સતર્કતા તથા ટીમ બિલ્ડીંગ માટે રમત ગમતના આયોજનો ઉપયોગી થતા હોવાનુ જાહેર થયુ હતું.

# સરકારી તંત્રમાં હવે ઈલેકટ્રીક વ્હીકલ ફરજીયાતઃ ચિંતન શિબિરમાં પ્રસ્તાવ પર ચર્ચા



પ્રતિનિધિ,ગાંધીનગર

પર્યાવરણને નુકશાન પહોચાડતા અશ્મિભુત ઈંધણ નો વપરાશ ઘટાડવા માટે ગુજરાત સરકારે એક મહત્વપૂર્ણ યોજના બનાવી છે. આ યોજના અંતર્ગત રાજય સરકારના તમામ પેટ્રોલ અને ડીઝલ વાહનોને તબકકાવાર રીતે ઈલેકટ્રીક વાહનોમાં રૂપાંતરીત કરવામાં આવશે, સરકારી સુત્રોના જણાવ્યા મુજબ પેટ્રોલ અને ડીઝલ પર ચાલતા વાહનોને ધીમે ધીમે સેવામાંથી દુર કરવા માટેની વિસ્તૃત માર્ગદર્શિકા આગામી દિવસોમાં તમામ વિભાગોને મોકલી આપવામાં આવશે. વલસાડ ખાતે ચાલી રહેલી ચિંતન શિબિરમાં પણ આ પ્રસ્તાવ પર ચર્ચા કરવામાં આવશે, એક અધિકારીએ જણાવ્યુ હતુ કે ગુજરાત પુનઃ પ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે અગ્રેસર હોવા છતાં રાજયમાં ઈલેકટ્રીક મોબીલીટીનો વ્યાપ હજુ મર્યાદીત છે, ઈન્ડીયા ઈલેકટ્રીક મોબીલીટી ઈન્ડેક્ષ મુજબ ગુજરાત હાલમાં ૧૬ માં ક્રમાંકે છે, જે દર્શાવે છે કે સરકારી અને ખાનગી વાહનોને ઈલેકટ્રીકમાં ફેરવવા માટે હજુ ઘણી તકો રહેલી છે, રાજય સરકારની ઈલેકટ્રીક વાહન પોલીસીમાં ઈલેકટ્રીક વાહનોના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે અનેક જોગવાઈઓ છે, પરંતુ જાહેર ક્ષેત્રમાં તેનો અમલ ધીમો છે હાલમાં મોટા ભાગના સરકારી અને મ્યુનિસીપલ વાહનો પેટ્રોલ અને ડીઝલ પર ચાલે છે ચાર્જીંગ સ્ટેશનો પણ મુખ્યત્વે શહેરી વિસ્તારો પુરતા મર્યાદીત છે, રાજય સરકાર ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ને તેની બસોને ઈલેકટ્રીક વાહનોમાં ફેરવવા માટે મદદ કરવા વિચારી રહી છે. ખાસ કરીને એવા રૂટ પર જયાં ઈલેકટ્રીક વ્હીકલ બસો ચલાવવી આર્થિક અને વ્યવહારીક રીતે શકય હોય ત્યાં આ ફેરફાર કરવામાં આવશે. સરકારી અધિકારીઓના કહેવા પ્રમાણે વિભાગો માટે ઈલેકટ્રીક વાહનો અપનાવવાના લક્ષ્યાંકો નકકી કરીને , જિલ્લા કક્ષાએ ચાર્જીંગ ઈન્ફાસ્ટ્રકચર વધારીને અને જાહેર પરીવહનમાં ઈલેકટ્રીક વાહનનો પાયલોટ પ્રોજેકટ શરૂ કરીને સરકાર પ્રદુષણ મુકત પરીવહન વ્યવસ્થા ઉભી કરવા માંગે છે.

### ૮૯.૬૧% ડિજીટાઈઝેશન સાથે ડાંગ જિલ્લો મોખરે

# ૨૦૨૫ની મતદાર યાદીમાં રહેલા ૫ કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ પૂર્ણઃ ૮૧%થી વધુ ગણતરી ફોર્મનું ડિજીટાઈઝેશન સંપન્ન

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો ૪થી ડિસેમ્બર સુધી ચાલવાનો છે. ભારતના ચૂંટણીપંચના માર્ગદર્શનમાં તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી હારીત શુક્લાની આગેવાનીમાં CEO કચેરી (Chief electoral office)ની સમગ્ર ટીમ તમામ જિલ્લાઓના ચૂંટણી અધિકારીશ્રી અને સ્ટાફ સાથે સંકલન સાધીને સમગ્ર પ્રક્રિયાને વેગવાન બનાવવા કાર્યરત છે. ૨૦૨૫ની મતદાર યાદીમાં નોંધાયેલા ૫ કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. રાજ્યના ૩૩ જિલ્લાઓ પૈકી મોટાભાગના જિલ્લાઓમાં ૧૦૦% ફોર્મ વિતરણ સંપન્ન થયું છે. જ્યારે અમુક જિલ્લાઓમાં ૧૦૦% વિતરણનું લક્ષ્ય હાંસલ થવામાં છે. આ ફોર્મ પૈકી પરત મળેલા ફોર્મને ડિજીટાઈઝેશનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.

આ કામગીરીમાં ૮૯.૨૮ % ગણતરી ફોર્મના ડિજીટાઈઝેશન સાથે ડાંગ જિલ્લો મોખરે છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં પણ કામગીરી પ્રગતિમાં છે.

ડિજીટાઈઝેશનમાં ટોપ-૧૦ જિલ્લાઓની યાદીઃ

| ક્રમ | જિલ્લો | ટકાવારી |
|---|---|---|
| ૧ | ડાંગ | ૮૯.૬૧ |
| ૨ | બનાસકાંઠા | ૮૪.૯૯ |
| ૩ | સાબરકાંઠા | ૮૪.૧૮ |
| ૪ | પંચમહાલ | ૮૨.૬૭ |
| ૫ | પાટણ | ૮૨.૨૫ |
| ૬ | મહીસાગર | ૮૧.૧૩ |
| ૭ | જૂનાગઢ | ૮૦.૩૦ |
| ૮ | છોટા ઉદેપુર | ૭૯.૨૬ |
| ૯ | ખેડા | ૭૯.૧૭ |
| ૧૦ | દાહોદ | ૭૯.૦૧ |

ગણતરી દરમિયાન રાજ્યભરમાં ૧૩.૧ લાખથી વધુ અવસાન પામેલ મતદારો મતદાર યાદીમાં સામેલ હતા. જ્યારે ૨.૪૪ લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથોસાથ ૧૬ લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. તદુપરાંત ૨ લાખ જેટલા મતદારો રિપીટેડ હોવાનું ધ્યાનમાં આવ્યું છે.

મતદારોની ગણતરીની સમગ્ર કામગીરીને સુપેરે પૂરી કરવામાં કાર્યરત ગુજરાતના તમામ BLOને CEO કચેરી દ્વારા અભિનંદન પાઠવવામાં આવે છે. સાથોસાથ BLOને કોઈપણ તકલીફ હોય તો સ્થાનિક કચેરીનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવે છે.

# એકતરફી પ્રેમમાં પાગલ પ્રેમીની સરખેજમાં આત્મહત્યા : પ્રેમીકા સાથે ઝઘડો થતા પેટ્રોલ છાંટી સળગી જઈ મોતને હવાલે થયો




પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદના સરખેજમાં એક તરફી પ્રેમીનો એક ચોંકાવનારો મોતનો કિસ્સો બહાર આવ્યો છે, કામરાન પઠાણ નામના યુવકે એક યુવતિ સાથે એક તરફી પ્રેમ હતો આ દરમિયાન ઝઘડો થતા કંટાળેલા પ્રેમીએ પોતાના શરીર પર પેટ્રોલ છાંટીને મોતને વ્હાલુ કર્યુ હતુ, આ સમગ્ર ઘટના અમદાવાદના સરખેજ વિસ્તારમાં બની હતી. હાલમાં પોલીસે આ મામલે ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે,

અમદાવાદમાં એક તરફી પ્રેમીએ પોતાની જાતને આગ લગાડીને આત્મહત્યા કર્યાની ઘટના બહાર આવી છે, મળતી માહિતી પ્રમાણે અમદાવાદના સરખેજના ફતેહવાડી વિસ્તારમાં કામરાન પઠાણ નામના યુવકે પોતાના પર પેટ્રોલ છાંટીને આત્મહત્યા કરી લીધી હોવાની વાત બહાર આવી છે, કામરાન પઠાણ પર આરોપ છે કે છેલ્લા ૬ મહિનાથી તે યુવતિ સાથે એક તરફી પ્રેમમાં હતો અને ગઈ કાલે ગુરૂવારે રાત્રીએ યુવતિ સાથે કામરાન પઠાણનો ઝઘડો થયો હતો. આ દરમિયાન કામરાને સાથે લઈને આવેલુ પેટ્રોલ પોતાના ઉપર છાંટી દીધુ અને લાઈટરથી પોતાની જાતને આગને હવાલે કરી દીધી હતી. કામરાન પઠાણ પેટ્રોલ આગ સાથે કુદકો માર્યો અને નીચેની એક ડેન્ટલ કિલનીકમાં ઘુસી ગયો હતો. જો કે બાદમાં કામરાન પઠાણને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર માટે હોસ્પીટલ ખસેડાયો હતો. જયાં તેનુ મોત નિપજયુ હતુ, હાલમાં સરખેજ પોલીસે આ સમગ્ર ઘટના અંગે ગુન્હો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

અમદાવાદમાં પ્રેમ પ્રકરણમાં વધુ એક હત્યા થી ચકચાર મચી જવા પામી છે. અમદાવાદના વટવા જીઆઈડીસી વિસ્તારમાં પ્રેમ પ્રકરણમાં મનિષ સુથાર ની હત્યા કરાઈ હોવાની વાત બહાર આવી છે. અશ્વિન ઝાલા નામના શખ્સે આ હત્યા કરી હોવાની વાત બહાર આવી છે, ગઈ કાલે ગુરૂવારે મોડી રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ ત્રિકમપુરા કેનાલ પાસે આરોપી અશ્વિન ઝાલાએ મનિષ સુથારના મોઢા, ગળા અને છાતીના ભાગે છરીના ઘા માર્યા અને હત્યા કરી દીધી હતી.

મૃતકની બહેનને આરોપી સાથે પ્રેમ સંબંધ હતો અને આરોપી યુવતિને પ્રેમ સંબંધ રાખવા દબાણ કરતો હતો, તેને લઈ અવાર નવાર ઝઘડો થતો હતો અને તેમાં હત્યાની ઘટનાને અંજામ અપાયો છે. મૃતદેહને પીએમ માટે ખસેડવામાં આવ્યો હતો, હાલમાં આરોપી ફરાર છે વટવા જીઆઈડીસી પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### મુખ્યમંત્રીશ્રીના હસ્તે તાલીમાર્થી વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત

# ધરમપુર ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે લીધી 'પ્રમુખસ્વામી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર'ની મુલાકાતઃ વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર દ્વારા મુખ્યમંત્રી શ્રીનો અભિવાદન સમારોહ યોજાયો

### કૌશલ્ય, નવીનતા અને સખત મહેનતનો કોઈ વિકલ્પ નથી; ભારતના યુવાનોમાં આ ત્રણેય ગુણો અને ક્ષમતા છેઃ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

ધરમપુર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 'પ્રમુખસ્વામી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર-PSVTC'ની મુલાકાત લઈ તાલીમાર્થી વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા.

પ્રમુખસ્વામી મહારાજની જન્મજયંતીના ઉપલક્ષ્યમાં વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર દ્વારા મુખ્યમંત્રીશ્રીનો અભિવાદન સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પૂ. પ્રમુખ સ્વામી મહારાજે શાંતિ, પ્રેમ, કરૂણાના સદગુણોનો ત્રિવેણી સંદેશ સમગ્ર વિશ્વમાં ફેલાવ્યો છે. એટલું જ નહીં, સ્વામિનારાયણ સંપ્રદાયે ભારતીય ઋષિ સંસ્કૃતિને બચાવવાનું ભગીરથ કાર્ય કર્યું છે. વર્ષોથી યુવાનોને વ્યસનમુક્ત અને સુસંસ્કારી સાથે આત્મનિર્ભર બનાવવાનું મહાઅભિયાન ચલાવનાર સ્વામિનારાયણ સંપ્રદાયની સરાહના કરી હતી.

કૌશલ્ય, નવીનતા અને સખત મહેનતનો કોઈ વિકલ્પ નથી. ભારતના યુવાનોમાં આ ત્રણેય ગુણો અને ક્ષમતા છે એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ આપણો યુવાન સ્કીલ, વિલ અને ઝિલના બળે પથ્થરમાંથી પાણી કાઢી શકવા સમર્થ છે એમ ગૌરવથી કહ્યું હતું.

બે દશક પહેલા અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી પટ્ટામાં એક પણ સાયન્સ કોલેજ ન હતી, જ્યારે આજે છેલ્લા બે દશકમાં બે ડઝન સાયન્સ, આર્ટસ અને કોમર્સ કોલેજ કાર્યરત છે. આજે આ વિસ્તારમાં શિક્ષણ, સુવિધાઓ, યોજનાઓ અને આર્થિક ગતિવિધિઓનો વ્યાપ નિરંતર વધી રહ્યો છે એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના આદિવાસી વિસ્તારોમાં ૮ અતિ આધુનિક વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર પી.પી.પી. મોડ દ્વારા સેટ-અપ કરવામાં આવ્યાં છે તેમજ ત્રણ લાખથી વધુ આદિવાસી યુવાનોને આવા વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર, આઈ.ટી.આઈ. અને કે.વી.કે. દ્વારા તાલીમ અને પ્લેસમેન્ટ મળ્યા છે. આદિજાતિ વિસ્તાર ધરમપુરમાં કાર્યરત પ્રમુખ સ્વામી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર તેનું ઉત્તમ ઉદાહરણ હોવાનું ઉમેર્યું હતું.

તેમણે કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડિગ્રી આધારિત નોકરીની આશામાં નિર્ભર રહેવાને બદલે યુવાનોને સ્કિલ ડેવલપમેન્ટનો માર્ગ ચીંધ્યો છે, આ નવતર માર્ગ લાખો યુવાનોને કુશળ અને કાર્યક્ષમ બનાવ્યા છે. ધરમપુર PSVTCમાં ૩૦ જેટલા વિવિધ ટ્રેડ્સ કાર્યરત છે. જેમાંથી આ સંસ્થાની શરૂઆતના ત્રણ વર્ષમાં જ તાલીમ પામેલા ૫૦૦થી વધુ યુવાનોને રોજગારી મળી છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્વદેશી અપનાવી આત્મનિર્ભર બનવાનો અનુરોધ કરી જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ વિકસિત ભારતજી ૨૦૪૭ના નિર્માણ માટે સ્વદેશી અને આત્મનિર્ભર ભારતનો કોલ આપ્યો છે. આપ સૌના સહયોગથી આ સંકલ્પ પૂર્ણ થઈને જ રહેશે.

આદિજાતિ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ તેમના મુખ્યમંત્રીના કાર્યકાળ દરમિયાન આદિવાસી સમાજના વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના અમલમાં મૂકી, જેના પરિણામે આદિવાસીઓનો સર્વાંગી વિકાસ શક્ય બન્યો છે. આદિવાસી સમાજના યુવાનો પાયલોટ, ડોક્ટર, એન્જિનિયર બની શકે તે માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. સરકારની સહાયથી આદિવાસી સમાજના યુવાનો પાયલોટ બની આકાશ સર કરી રહ્યા છે.

સરકારે શિક્ષણ, આરોગ્ય, રોજગારી અને આર્થિક વિકાસના ક્ષેત્રે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકીને આદિજાતિઓ સમાજના ઉત્થાન અને વિકાસ માટે પ્રતિબદ્ધતા દાખવી છે એમ નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું.

આ પ્રસંગે સાંસદ શ્રી ધવલ પટેલ, ઝર્ સેક્રેટરી વિક્રાંત પાંડે, ધારાસભ્ય અરવિંદ પટેલ, તીથલ BAPSના કોઠારી સ્વામી પૂ. વિવેક સ્વરૂપજી, પૂ. ચિન્મય સ્વામી, કલેક્ટર ભવ્ય વર્મા, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંત કંસારા સહિત અગ્રણીઓ, વિદ્યાર્થીઓ, નગરજનો અને ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુર–અમદાવાદ ખંડ પર સ્થિત જગુદણ સ્ટેશન યાર્ડમાં પુલ સંખ્યા ૯૮૫ના પુનર્નિર્માણને કારણે રેલ યાતાયાત પ્રભાવિત

અમદાવાદ મંડળના પાલનપુર–અમદાવાદ ખંડ પર સ્થિત જગુદણ સ્ટેશન યાર્ડમાં અપ મેન લાઈન પર કિ.મી. ૭૨૭/૨૩-૨૫ વચ્ચે આવેલ પુલ સંખ્યા ૯૮૫ના પુનર્નિર્માણનું કાર્ય કરવામાં આવી રહ્યું છે. આ કાર્ય "કટ-એન્ડ-કવર" પદ્ધતિથી તથા રોડ ક્રેન દ્વારા પ્રીકાસ્ટ આર.સી.સી. બોક્સ સ્થાપિત કરીને કરવામાં આવી રહ્યું છે.

સુરક્ષા તથા આવશ્યક એન્જીનિયરિંગ કર્યોને ધ્યાનમાં રાખીને, તારીખ ૩૦ નવેમ્બર ૨૦૨૫ (રવિવાર)ના રોજ નીચે મુજબની યાત્રી ટ્રેનોને આંશિક રીતે રદ તેમજ પુનર્નિર્ધારિત કરવામાં આવી છેઃ

૧. આંશિક રીતે રદ ટ્રેનો

- ટ્રેન સંખ્યા ૨૦૯૬૦ વડનગર – વલસાડ એક્સપ્રેસ તારીખ ૩૦.૧૧.૨૦૨૫ના રોજ વડનગર – ગાંધીનગર કેપિટલ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
- ટ્રેન સંખ્યા ૧૪૮૨૧ જોધપુર – સાબરમતી એક્સપ્રેસ તારીખ ૩૦.૧૧.૨૦૨૫ના રોજ આબુ રોડ – સાબરમતી વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
- ટ્રેન સંખ્યા ૧૪૮૨૨ સાબરમતી – જોધપુર એક્સપ્રેસ તારીખ ૦૧.૧૨.૨૦૨૫ના રોજ સાબરમતી – આબુ રોડ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
- ટ્રેન સંખ્યા ૨૦૯૫૯ વલસાડ – વડનગર એક્સપ્રેસ તારીખ ૩૦.૧૧.૨૦૨૫ના રોજ ગાંધીનગર કેપિટલ – વડનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૨. પુનર્નિર્ધારણ

- ટ્રેન સંખ્યા ૨૦૪૮૫ જોધપુર – સાબરમતી એક્સપ્રેસ તારીખ ૩૦.૧૧.૨૦૨૫ના રોજ જોધપુરથી ૦૨.૦૦ કલાક મોડી ઉપડશે.
- ટ્રેન સંખ્યા ૬૯૨૦૭ ગાંધીનગર કેપિટલ – વરેઠા એક્સપ્રેસ તારીખ ૩૦.૧૧.૨૦૨૫ના રોજ ગાંધીનગર કેપિટલથી ૦૧.૦૦ કલાક મોડી ઉપડશે.

મુસાફરો ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ તથા સંરચના અંગેની વિગતવાર માહિતી માટે યાત્રી www.enquiry.indianrail. gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, ભાવનગર મંડળ દ્વારા બાલ મંદિર અને કિડ્સ હટ સ્કૂલમાં સ્વાસ્થ્ય તપાસ શિબિરોનું સફળ આયોજન

બાળકોના આરોગ્ય સંરક્ષણ તથા જાગૃતિને પ્રોત્સાહન આપવા માટે પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, ભાવનગર મંડળ દ્વારા તા. ૨૬ નવેમ્બર ૨૦૨૫ અને ૨૮ નવેમ્બર ૨૦૨૫એ ક્રમશઃ કિડ્સ હટ અને બાલ મંદિર સ્કૂલ ખાતે સ્વાસ્થ્ય તપાસ શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ શિબિરનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓના સમગ્ર આરોગ્યનું મૂલ્યાંકન કરવો તેમજ પ્રારંભિક તબક્કે રોગની ઓળખ કરી યોગ્ય સારવાર માટે માર્ગદર્શન આપવું હતો.પ્રથમ સ્વાસ્થ્ય શિબિર ૨૬ નવેમ્બર ૨૦૨૫એ કિડ્સ હટ સ્કૂલ ખાતે યોજાઈ, જેમાં કુલ ૧૭૦ વિદ્યાર્થીઓની તપાસ કરવામાં આવી. જેમાંથી ૨૦ બાળકોમાં દાંતમાં કૅવિટી, ૦૧માં તાવ તથા ૦૧માં ખાંસીની ફરિયાદ નોંધાઈ.

બીજુ સ્વાસ્થ્ય શિબિર ૨૮ નવેમ્બર ૨૦૨૫એ બાલ મંદિર સ્કૂલ ખાતે યોજાઈ, જેમાં કુલ ૯૨ બાળકોની સ્વાસ્થ્ય તપાસ કરવામાં આવી. જેમાંથી ૧૫ બાળકોમાં દાંતની કૅવિટી, ૦૨માં કાનની સમસ્યા, ૦૧માં આંખોની તકલીફ, ૦૧માં ત્વચાનો ઈન્ફેકશન અને ૦૧માં ગળાનો ઈન્ફેક્શન જોવા મળ્યો.

બંને શિબિરો દરમિયાન બાળકો તથા શિક્ષકોને જોવા મળેલા સ્વાસ્થ્ય લક્ષણો અંગે જાગૃતિ આપવામાં આવી અને વધુ વિગતવાર તપાસ તથા સારવાર માટે વિદ્યાર્થીઓને ડિવિઝનલ રેલવે હોસ્પિટલ, ભાવનગર પરા (DRH BVP) ખાતે પરામર્શ લેવા સૂચન કરવામાં આવ્યું. આ આરોગ્ય શિબિરમાં ડૉ. સંદીપ – DMO, BVP તથા બાળરોગ નિષ્ણાત ડૉ. નિમેષ અને તેમની તબીબી ટીમ દ્વારા સેવા આપવામાં આવી. આ શિબિરના સફળ આયોજનમાં પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન (WRWWO), ભાવનગર મંડળની અધ્યક્ષ – શ્રીમતી શાલિની વર્મા, સેક્રેટરી – શ્રીમતી માયા ત્રિપાઠી, સાંસ્કૃતિક ઈન્ચાર્જ – શ્રીમતી વાણી મેડમ, ટ્રેઝરર – શ્રીમતી વંદના પાટીદાર, કિડ્સ હટ સ્કૂલની પ્રિન્સિપાલ શ્રીમતી ભાવિકા શુક્લ, બાલ મંદિર સ્કૂલની પ્રિન્સિપાલ શ્રીમતી રૂપલ ચૂડાસમા, શ્રી બ્રિજેશ પટેલ (વેલફેર ઈન્સ્પેક્ટર - ભાવનગર મંડળ) તેમજ સમિતિના સભ્યોનું વિશેષ સહકાર રહ્યું. આ શિબિરોના સફળ આયોજનથી વિદ્યાર્થીઓમાં આરોગ્ય પ્રત્યેની જાગૃતિમાં વધારો થયો અને પ્રારંભિક તબક્કે ઓળખાયેલી આરોગ્ય સમસ્યાઓના ઝડપી ઉપચાર માટે માર્ગ મોકળો બન્યો. પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠનએ ભવિષ્યમાં પણ આવા કલ્યાણકારી અને આરોગ્યવર્ધક કાર્યક્રમો સતત આયોજન કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

# તારીખ ૨૯ નવેમ્બરથી ૦૮ ડિસેમ્બર સુધી માત્ર રાત્રે ૨૩.૦૦ વાગ્યાથી સવારે ૦૬.૦૦ વાગ્યા સુધી શાહીબાગ અન્ડરપાસ ટ્રાફિક માટે બંધ રહેશે

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળ પર આવેલ અન્ડરપાસ સંખ્યા ૭૩૧ છ (કિ.મી. ૪૯૮/૨૮-૩૦), શાહીબાગ અન્ડરપાસ, તારીખ ૨૯ નવેમ્બર ૨૦૨૫ થી ૦૮ ડિસેમ્બર ૨૦૨૫ સુધી માત્ર રાત્રે ૨૩.૦૦ વાગ્યાથી સવારે ૦૬.૦૦ વાગ્યા સુધી મરામત અને જાળવણીના કામને કારણે ટ્રાફિક માટે બંધ રહેશે.

રસ્તા ઉપયોગકર્તાઓ માટે આ અવધિ દરમિયાન વૈકલ્પિક માર્ગ નીચે મુજબ રહેશેઃ

૧. દિલ્હી દરવાજા તથા સુભાષબ્રિજ ઉપરથી આવતો ટ્રાફિક કે જેને એરપોર્ટ ગાંધીનગર તરફ જવું છે તે વાહનો સુભાષબ્રિજના છેડે શિલાલેખ ફ્લેટ થઈ રિવરફ્રન્ટ માર્ગનો ઉપયોગ કરી રિવરફ્રન્ટ માર્ગે ડફનાળા થઈ એરપોર્ટ તેમજ ગાંધીનગર તરફ જઈ શકાશે.

૨. એરપોર્ટ-ગાંધીનગર તરફથી આવતો ટ્રાફિક ડફનાળા રિવરફ્રન્ટનો ઉપયોગ કરી અલગ-અલગ માર્ગે જઈ શકાશે. તેમજ અસારવા, ગીરધરનગર, દિલ્હી દરવાજા, કાલુપુર તરફ જવું હોય તો શાહીબાગ થઈ આચાર્ય મહાપ્રજ્ઞજી બ્રીજનો ઉપયોગ કરી મુખ્ય માર્ગો તરફ જઈ શકાશે.

# તારીખ ૨૯ નવેમ્બર ૨૦૨૫થી ૦૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી રેલવે ક્રોસિંગ નંબર 29 C (અહમદપુરા ફાટક) બંધ રહેશે

અમદાવાદ મંડળના નાંદોલ દહેગામ–રખીયાલ સેકશન વચ્ચે આવેલ રેલવે લેવલ ક્રોસિંગ નંબર ૨૯ C (અહમદપુરા ફાટક) પર મેંટેનેન્સ, રબરાઈઝેશન તથા ઓવરહોલિંગ કાર્ય માટે ૨૯ નવેમ્બર ૨૦૨૫ના રોજ સવારે ૦૯:૦૦ વાગ્યાથી ૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સાંજે ૧૯:૦૦ વાગ્યા સુધી બંધ રહેશે.

આ સમય દરમિયાન માર્ગ સલામતી તથા કામકાજને ધ્યાનમાં રાખીને સંબંધિત માર્ગ પર તમામ પ્રકારના વાહનોનું અવરજવર પ્રતિબંધિત રહેશે. આ દરમિયાન માર્ગ ટ્રાફિકને અહમદપુરા ગામ રેલવે બ્રિજ LHS-24 B, નાંદોલ દહેગામ રેલવે સ્ટેશન ફાટક 28 B, દહેગામ–ગાંધીનગર રોડ અંડરબ્રિજ-૨૦ A જેવા વિકલ્પ માર્ગો તરફ ડાયવર્ટ કરવામાં આવશે.

# આજથી હિંમતનગર ખાતે બે દિવસ માટે એસઆઈઆર અંતર્ગત ફોર્મ જમા કરાવવા માટે ખાસ કેમ્પનુ આયોજન

### આજે તા.૨૯ અને ૩૦ નવેમ્બરે બહુમાળી ભવન હિંમતનગર ખાતે એસઆઈઆર અંતર્ગત ફોર્મ જમા કરાવવા માટે નો કેમ્પ



પ્રતિનિધિ,ગાંધીનગર

ભારતના ચુંટણીપંચ નવી દિલ્હી દ્વારા તારીખ ૧/૧/૨૦૨૬ ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદાર યાદીના ખાસ સઘન સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે, આ કાર્યક્રમ અંતર્ગત ગણતરીનો આખરી તબકકો ચાલી રહ્યો છે,

જે અન્વયે સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર-૨૭ વિધાનસભા મતદાર વિભાગ માટે તારીખ ૨૯ અને ૩૦ નવેમ્બર ૨૦૨૫ ના રોજ જનસેવા કેન્દ્ર બહુમાળી ભવન હિંમતનગર ખાતે ગણતરી ફોર્મ જમા કરાવવા માટે ખાસ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે.

જે કેમ્પનો સમય આજે તારીખ ૨૯/૧૧/૨૦૨૫ ના રોજ બપોરે ૧૨ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધીનો તથા તારીખ ૩૦/૧૧/૨૦૨૫ ના રોજ સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધીનો રાખેલ છે. જે દરમિયાન હિંમતનગર -૨૭ વિધાનસભા મતદાર વિભાગના મતદારો ગણતરી ફોર્મ આ કેમ્પના સ્થળે જમા કરાવવા તથા કેમ્પના સ્થળે વર્ષ ૨૦૦૨ ની મતદાર યાદીમાં નામ શોધવાની સુવિધા પણ રાખેલ છે, તેવુ મતદાર નોંધણી અધિકારી હિંમતનગર-૨૭ વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી હિંમતનગર નાઓએ જણાવ્યુ છે.

# ગુજરાતમાં દારૂબંધી પર વધુ એક ભાજપના નેતાએ બળતામાં ઘી હોમ્યું: ભાજપના નેતાના નિવેદનથી રાજકારણ ગરમાયું




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં દારૂબંધીને લઈને ચાલી રહેલા વિવાદમાં વધુ એક ભાજપના નેતાએ સવાલો ઉઠાવતા રાજકારણ ગરમાયુ છે ભાજપના પીઢ નેતા અને ડો. ભરત કાનાબારએ સોશીયલ મીડીયા પ્લેટફોર્મ એકસ (અગાઉ ટવીટર) પર એક વિસ્ફોટક પોસ્ટ કરીને રાજયની દારૂબંધીની નીતિ પર આકરા પ્રહારો કર્યા છે, ડો. ભરત કાનાબારે ગુજરાતની દારૂબંધીને સીધે સીધી ભાંગી તુટી ગણાવી છે, જેણે ભાજપના આંતરીક વર્તુળોમાં અને વિપક્ષમાં ચર્ચા જગાવી છે, ડો. કાનાબારે દારૂના વ્યાપક ચલણને ઉજાગર કરતા સવાલ કર્યો કે દારૂ કયાં મળે છે તેવુ પુછનાર ને સામે પુછવુ પડે કે કયાં નથી મળતો ? તેમના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે તેઓ રાજયમાં દારૂની સરળ ઉપલબ્ધતાથી અત્યંત નારાજ છે, તેમણે દારૂના વધતા ચલણને એક ગંભીર સામાજિક સમસ્યા ગણાવી છે, સાથે જ તેમણે તહેવારો અને લગ્ન પ્રસંગોમાં પણ દારૂની મહેફીલો વધવા બદલ ઉંડી ચિંતા વ્યકત કરી છે, ડો. કાનાબાર ના મતે આ પરીસ્થિતિ સામાજિક સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. સૌથી સનસનીખેજ નિવેદન આપતા ડો. કાનાબારે સીધો આક્ષેપ કર્યો કે દારૂના ગેરકાયદે વેપારના હપ્તાના પૈસા આઈપીએસ અધિકારીઓ સુધી પહોચે છે. આટલા ગંભીર આક્ષેપો છતાં તેમણે એવો દાવો પણ કર્યો કે ભલે ગેરરીતીઓ હોય છતાં ગુજરાત અન્ય રાજયોની તુલનામાં હજુ પણ સુરક્ષિત છે. આ મુદ્દે રાજકારણ કરતા વિપક્ષના નેતાઓને આડે હાથ લેતા ડો. કાનાબારે કોંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી પર પણ પ્રહાર કર્યો હતો. તેમણે મેવાણીને સુચવ્યુ કે જો તેઓ ખરેખર દારૂબંધી અંગે ગંભીર હોય તો તેમણે કોંગ્રેસની સરકારવાળા રાજયોમાં દારૂબંધી લાગુ કરાવવા માટે પ્રયત્નો કરવા જોઈએ, ડો. ભરત કાનાબારનુ આ નિવેદન ભાજપ સરકાર માટે એક ધર્મ સંકટ સમાન છે, કારણ કે તેના પોતાના જ નેતાએ રાજયની કાયદાની અમલવારી પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. આ નિવેદન બાદ રાજયનુ રાજકારણ ગરમાયુ છે અને વિપક્ષ આ મુદ્દે સરકારને ઘેરવાની તૈયારીમાં છે.

### યાત્રાની શરૂઆત માટે અમિત ચાવડાએ બાઈક હાંકીને રેલીને લીલીઝંડી આપી

# કોંગ્રેસની જનઆક્રોશ યાત્રા ગાંધીનગર પહોચી: દારૂ ડ્રગ્સ બાબતે સરકારને ઘેરી



પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

કોંગ્રેસની રાજયવ્યાપી જન આક્રોશ યાત્રા આજે શુક્રવારે રાજયના પાટનગર ગાંધીનગરમાં પહોચતા રાજકીય માહોલ ગરમાયો હતો. યાત્રામાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાની આગેવાનીમાં મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા. વિપક્ષ નેતા તુષાર ચૌધરી, ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા તેમજ સ્થાનિક નેતાઓ નીશીત વ્યાસ અને હિમાંશુ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ડીજે ના શકિતશાળા સાઉન્ડ અને કાર્યકરોના નારા વચ્ચે રેલી આગળ વધતા ઉત્સાહનો માહોલ છવાઈ ગયો હતો. શહેરના વિવિધ વિસ્તારોમાંથી કાર્યકરો યાત્રામાં જોડાતા વાતાવરણ વધુ જોરદાર બન્યુ હતું. યાત્રા દરમિયાન અમિત ચાવડાનો સરકાર પર સીધો પ્રહાર કર્યો હતો. રાજય સરકારને અનેક મુદ્દાઓ પર આડે હાથ લીધી હતી કુમાર કાનાણીના પત્રનો ઉલ્લેખ કરી બીજેપી પર નિશાન સાધ્યુ હતું. અમિત ચાવડાએ કહ્યુ હતુ કે ભાજપના ધારાસભ્ય અને તેમના કાર્યકરો પણ સ્વીકારી લે છે કે ગુજરાતમાં દારૂ સરળતાથી મળી જાય છે. દારૂ અને ડ્રગ્સ મુદ્દે સરકાર નિષ્ફળ નિવળી છે, તેમણે વધુમાં ઉમેર્યુ કે પીવાનુ પાણી ન મળે તે શકય છે પરંતુ દારૂ અને ડ્રગ્સ દરેક ખુણે ખુણે મળી રહે છે, રાજયની બહેનો અને દિકરીઓ વિધવા થાય છે તેની પાછળ સરકારના લોકોની બેદરકારી જવાબદાર છે, ચાવડાએ સરકારના નિર્ણયો પર સવાલ ઉઠાવતા કહ્યુ હતુ કે જે લોકોને હપ્તો ઉઘરાવવાનો આક્ષેપ છે તેમને આ સરકાર પ્રમોશન આપે છે, મુખ્યમંત્રી પાસેનુ ગૃહ ખાતુ હર્ષ સંઘવીને કેમ અપાયુ અને તેમાં પણ હર્ષ સંઘવીએ રાજય કક્ષાનુ ગૃહ ખાતુ પોતાની પાસે કેમ રાખ્યુ તે એક મોટો સવાલ ઉઠી રહ્યો છે. ગૃહ ખાતુ હર્ષ સંઘવીએ કેમ લીધુ એમના કાર્યકાળમાં સૌથી વધુ ડ્રગ્સ પકડાયુ છે, કચ્છનો ઉલ્લેખ કરી કોંગ્રેસ ભાજપની તુલના કોંગ્રેસના સમયમાં કચ્છ સુધી પાણીની ટ્રેન પહોચાડવામાં આવતી હતી આજે ભાજપના સમયમાં ત્યાં દારૂની ટ્રેન પહોચે છે, કોંગ્રેસની આ યાત્રા રાજય વ્યાપી વિરોધ અભિયાનનો ભાગ છે જેમાં કિંમતો, કાયદો વ્યવસ્થા, દારૂ ડ્રગ્સના મુદ્દા અને સરકારની નીતિઓ વિરૂધ્ધ જનસમર્થન એકત્ર કરવાનો કોંગ્રેસનો પ્રયાસ છે, ગાંધીનગરમાં આજે શુક્રવારે વિશાળ રેલીને સારો એવો પ્રતિસાદ મળ્યો હતો.

# ૧૨ મી ચિંતન શિબિર: ખેડુતો ગામડાઓ અને કોમનવેલ્થ તેમજ પ્રજાના કામોનો ઝડપી નિકાલ ચર્ચાનુ કેન્દ્ર



પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

વલસાડ જિલ્લાના ધરમપુરમાં રાજય સરકારની ૧૨ મી ચિંતન શિબિર યોજાઈ રહી છે, જેનો આજે શુક્રવારે બીજો દિવસ હતો ત્યારે આ ચિંતન શિબિર બાદ કયા પ્રકારના ફેરફાર સરકારી વહિવટમાં આવે છે તેના પર સૌની નજર ટકેલી છે, વર્ષ ૨૦૦૩ થી આયોજીત થતી રહેતી ચિંતન શિબિર બાદ મોટા ભાગે સરકાર તરફથી નીતિ વિષયક નિર્ણયોમાં ફેરબદલ થતો આવે છે અને યોજનાઓમાં પણ નવેસરથી બદલાવ આવતા રહ્યા છે. આ વખતે ચિંતન શિબિર બાદ ખેડુતો અને ગ્રામ્ય વિસ્તારના હિતમાં મોટાભાગે જાહેરાતો થાય તેવી સંભાવના રાજકીય વિશ્લેષકો વ્યકત કરી રહ્યા છે, જો કે ચિંતન શિબિરનુ આયોજન રાજય સરકાર માટે હંમેશા હકારાત્મક અને સુધારાત્મક રહેતુ આવ્યુ છે, તેવુ કહેવામાં અતિશયોકીત નથી, વડાપ્રધાન નરેન્દ્ર મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી પદે હતા ત્યારે તેમણે વર્ષ ૨૦૦૩ થી ચિંતન શિબિરનો પ્રારંભ કરાવ્યો હતો આ ચિંતન શિબિરમા રાજય સરકારના મંત્રીઓ અને સનદી અધિકારીઓ એક સાથે બેસીને સરકારની વહિવટી પ્રક્રિયા, યોજનાઓ અને નીતિ વિષયક નિર્ણયો અંગે ચર્ચા વિચારણા કરે અને બાદમાં આ તમામ મોરચે સુધારાઓ કરીને સરકારનો વહિવટ વધુ અસરકારક બને તેવા પ્રયાસો કરવાનો શિબિરનો મુખ્ય ઉદ્દેશ રહેલો છે, આ વરસે ચિંતન શિબિર વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે આયોજીત થઈ છે અને આ શિબિર બાદ સરકાર તરફથી તેના નીતિ વિષયક નિર્ણયો અને યોજનાઓ માં કયા પ્રકારના ફેરફાર અને સુધારા વધારા આવે છે તેના પર સૌની નજર ટકેલી છે. ચિંતન શિબિર મારફતે સરકાર પોતાની જ કામગીરીના લેખા જોખા લઈને તેને આધારે વહિવટી સરળતા અને સુધારા કરે છે. જે રાજય સરકારના વહિવટને વધુ કાર્યક્ષમ અને સરળ બનાવે છે. ધરમપુર ખાતે આયોજીત ત્રિદિવસીય ચિંતન શિબિરમાં ગુજરાતના વિકાસનો નવો રોડ મેપ તૈયાર કરાશે જે અંતર્ગત કેટલાક નવા વિષયો પર ચર્ચા થઈ રહી છે, વિકસિત ગુજરાત ૨૦૪૭ ના સંકલ્પને પરીપૂર્ણ કરવા વિકાસ લક્ષી કામગીરી પર મંથન, આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ પર ચર્ચા થશે, જાહેર સુખાકારીના સંદર્ભમાં પ્રજાના જાહેર આરોગ્ય અને પોષણ, સેવા ક્ષેત્રની વૃધ્ધિ અને વૈવિધ્યકરણ, વિકસિત ગુજરાત માટે ક્ષમતા નિર્માણ, જાહેર સલામતી, ગ્રીન એનર્જી, પર્યાવરણ રક્ષણ સહિતના વિષયો પર ચર્ચા થવાની છે, ચિંતન શિબિર બાદ રાજય સરકાર જે નિર્ણયો અથવા સુધારા લાગુ કરશે તે મોટા ભાગે ખેડુતો અને ગ્રામ્ય વિસ્તારને લાગુ પડતા હોય તેવી સંભાવના જોવાઈ રહી છે, આ વરસે રાજયમાં કમોસમી વરસાદથી ખેડુતોને મોટા પાયે નુકશાની વેઠવાનો વારો આવ્યો અને સરકારે રાજયનુ સૌથી મોટુ રૂપીયા ૧૦ હજાર કરોડનુ સહાય પેકેજ પણ જાહેર કર્યુ, જો કે હજુ પણ જગતનો તાત કયાંક સરકાર થી નારાજ હોય તેવુ લાગી રહ્યુ છે જેના પગલે ખેડુતોને રીઝવવા આ વખતે વધુ કેટલીક હીતકારી યોજનાઓ અથવા નિર્ણયો જાહેર થાય તેવી સંભાવના વધુ છે, રાહત પેકેજ પછી પણ ખેડુતોને ઈકો ઝોનનો ભય હજુ પણ સતાવી રહ્યો છે. જેના કારણે ખેડુતલક્ષી યોજનાઓ પર વધુ ભાર મુકાઈ શકે છે, ગ્રામ્ય વિસ્તાર પર ભાર મુકવાનુ કારણ કોંગ્રેસની ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ મજબુત પકકડ હોઈ શકે, ગ્રામ્ય વિસ્તારના મતદારોને આકર્ષવા હોય તો ખેડુતલક્ષી યોજનાઓ પર વધુ ભાર મુકવો પડે, આ માટે પણ ચિંતન શિબિરમાં મનોમંથન કરવામાં આવશે. ગ્રામ્ય વિસ્તારોમાં રોડ કનેકટીવીટી, આરોગ્યલક્ષી સુવિધાઓ, વિજળી, પાણી સહિતની સગવડોના સંદર્ભમાં ચર્ચા અને નિર્ણય લેવાઈ શકે છે.

# ગુજરાતમાં દારૂ-ડ્રગ્સ-જુગાર સામે કોંગ્રેસનો હલ્લાબોલ: ધારાસભ્ય જિગ્નેશ મેવાણીના સમર્થનમાં ૩ જિલ્લાઓમાં અપાયુ આવેદનપત્ર

### મોરબી, બનાસકાંઠા અને ગીર સોમનાથ જિલ્લામાં કોંગ્રેસના કાર્યકર્તાઓએ રેલીઓ કાઢી : પોલીસ અધિક્ષક તેમજ પ્રાંત અધિકારીઓને અપાયા આવેદનપત્ર




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં દારૂબંધી અંગે ધારાસભ્ય જિગ્નેશ મેવાણી અને પોલીસ વચ્ચે જંગ જામ્યો છે ત્યારે ધારાસભ્ય જિગ્નેશ મેવાણીના સમર્થનમાં હજારો લાખોની સંખ્યામાં લોકો જોડાઈ રહ્યા છે, આજે ગુજરાતમાં નશાબંધીના કાયદાનું કડક અમલ, દારૂ ડ્રગ્સના વેપલા પર પ્રતિબંધ અને યુવાનોને આ બદીઓથી બચાવવાની માંગણી સાથે ધારાસભ્ય જિગ્નેશ મેવાણીના સમર્થનમાં ૩ જિલ્લામાંથી આવેદનપત્ર આપવામાં આવ્યા હતા જેમાં મોરબી, બનાસકાંઠા અને ગીર સોમનાથ જિલ્લામાં કોંગ્રેસના કાર્યકર્તાઓએ રેલીઓ કાઢીને પોલીસ અધિક્ષક તેમજ પ્રાંત અધિકારીઓને આવેદનપત્ર આપ્યા હતા.

મોરબી જિલ્લા કોંગ્રેસની આગેવાની હેઠળ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓએ બેનરો લઈને એસપી કચેરીએ પહોચી ૩ મુખ્ય માંગણીઓ સાથે આવેદનપત્ર આપ્યુ હતું. કોંગ્રેસે કહ્યુ હતુ કે નશાબંધીના કાયદાનુ કડક પાલન થવુ જોઈએ, દારૂ ડ્રગ્સનો વેપલો તાત્કાલીક બંધ કરવો જોઈએ, ભારતના ભવિષ્ય એવા યુવાનોને આ બદીઓથી બચાવવા જોઈએ, તો બીજી તરફ બનાસકાંઠા જિલ્લાના ડીસામાં જિગ્નેશ મેવાણીના સમર્થનમાં મોટી રેલી કાઢવામાં આવી હતી. આ રેલીમાં કોંગ્રેસના કાર્યકર્તાઓ ઉપરાંત આમ આદમી પાર્ટીના નેતાઓ અને સામાજિક આગેવાનો પણ જોડાયા હતા. મોટી સંખ્યામાં સમર્થકો રેલીમાં સામેલ થયા બાદ પ્રાંત અધિકારીની કચેરીએ આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું.

ગીર સોમનાથ જિલ્લાના ઉના અને ગીર ગઢડા વિસ્તારમાં પણ ગીર ગઢડા કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું. આ આવેદનપત્રમાં દારૂ, ડ્રગ્સ અને જુગાર (વિશેષ કરીને વરલી મટકા ) જેવી બદીઓ દુર કરવાની માંગ કરવામાં આવી હતી. સાથે જ ગીર ગઢડા વિસ્તારમાં બેફામ દારૂનો ધંધો, વરલી મટકા જુગાર તેમજ ખનીજ ચોરીના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનુ નેતૃત્વ પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશે કર્યુ હતુ. ઉલ્લેખનીય છે કે આમ એક જ દિવસમાં ૩ અલગ અલગ જિલ્લાઓમાં જિગ્નેશ મેવાણીએ ઉઠાવેલા નશાબંધી અને ડ્રગ્સના મુદ્દે કોંગ્રેસ સંગઠન પુરી તાકાત સાથે અને તે પણ આમ આદમી પાર્ટીના નેતાઓ સાથે જોડાઈ મેદાનમાં ઉતરી આવ્યુ છે. આગામી દિવસોમાં વધુ જિલ્લાઓમાં આવા કાર્યક્રમો થવાની શકયતા છે.

# મહેસાણા જિલ્લાના સતલાસણામાં બીએલઓનુ હાર્ટ એટેકથી મોત: રાત્રે બે વાગે એસઆઈઆરનુ કામ કરતા હતા ને ઢળી પડયા



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં હાલ એસઆઈઆર હેઠળ મતદાર યાદીની પુરજોશમાં કામગીરી ચાલી રહી છે. આ કામગીરીની જવાબદારી ગુજરાતની શાળાઓના શિક્ષકોને સોંપાઈ છે, પરંતુ કામના ભારણ હેઠળ રાજયમાં બીએલઓના મોત નો સીલસીલો યથાવત જોવા મળી રહ્યો છે. ગઈ કાલે ગુરૂવારે રાત્રે મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકાના સુદાસણા ગામે એસઆઈઆર ની કામગીરી દરમિયાન બીએલઓને છાતીમાં તીવ્ર દુ:ખાવો ઉપડયો હતો.

આથી તેમને સારવાર માટે હોસ્પીટલ લઈ જવામાં આવ્યા હતા. જો કે હોસ્પીટલ પહોચે તે પહેલા જ તેમણે રસ્તામાં દમ તોડી દીધો હતો. બીએલઓના મોત થી નાના એવા ગામમાં શોકનુ મોજુ ફરી વળ્યુ હતું. મળતી માહિતી પ્રમાણે સુદાસણા ગામની કન્યા શાળાના મુખ્ય શિક્ષક અને બીએલઓ તરીકે ફરજ બજાવતા દિનેશભાઈ રાવળ (ઉ.વ.૫૦) નુ ગઈ કાલે મોડી રાત્રે હૃદય રોગના હુમલાથી નિધન થયુ હતું. નેટ કનેકટીવીટીની સમસ્યાને કારણે દિનેશભાઈ દિવસે કામગીરી કરી શકતા ન હતા, આથી તેઓ રાત્રે લગભગ બે વાગે જાગીને એસઆઈઆર ની કામગીરી કરી રહ્યા હતા. કામગીરી દરમિયાન તેમને છાતીમાં તીવ્ર દુ:ખાવો ઉપડયો હતો તાત્કાલીક તેમને સારવાર અર્થે વડનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા પરંતુ હોસ્પીટલ લઈ જતા પહેલા જ માર્ગ માં જ તેમનુ કરૂણમોત નિપજયુ હતું. સુદાસણા ગામની શાળા તેમજ સમગ્ર ગામમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી. દિનેશભાઈ સુદાસણા પ્રાથમિક કન્યા શાળાના આચાર્ય હતા, તેઓ સુદાસણા પ્રાથમિક કન્યા શાળામાં ૧૭ જાન્યુઆરી ૨૦૦૧ થી શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા, બીએલઓ તરીકેનુ કામ તેમના સુદાસણાના ભાગ નં. ૩ માં બુથ નં. ૩૮ ની અંદર હતુ, એસઆઈઆર ની કામગીરીની અંદર જે ફોર્મ હોય છે તે ઓનલાઈન અપલોડ કરવાના હોય છે જો કે દિનેશભાઈની એપ્લીકેશન બરાબર કામ કરતી ન હોવાથી તેઓ સતત છેલ્લા બે ચાર દિવસથી રાત્રે ઉઠીને ફોર્મને અપલોડ કરવાની કામગીરી કરતા હતા. ગઈ કાલે રાત્રે પણ એ લગભગ બે વાગ્યાની આસપાસ ઉઠીને ફોર્મને અપલોડ કરવાનુ કામ કરતા હતા, એવુ એમના પરીવારનુ કહેવુ છે, એમના પરીવારના કહેવા પ્રમાણે આ કામ કરતા હતા એ દરમિયાન એમને છાતીમાં દુ:ખાવો ઉપડયો હતો, પરીવારજનોને જાણ થતા તેમના મિત્રોને બોલાવ્યા હતા, ગામમાં હોસ્પીટલ લઈ ગયા પરંતુ ત્યાં ડોકટર હાજર ન હોવાથી સારવાર મળી નહી એટલે દિનેશભાઈને વડનગર સીવીલ હોસ્પીટલ લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ફરજ પરના ડોકટરે એમને મૃત જાહેર કર્યા હતા.

# બોટાદના હડદડ માં ખેડુત-પોલીસ ઘર્ષણનો કેસ : ૨૮ આરોપીઓને મળ્યા જામીન: ૮૫ વ્યકિતઓ વિરૂધ્ધ નોંધાયેલો ગુન્હો



પ્રતિનિધિ,ગાંધીનગર

બોટાદ જિલ્લાના હડદડ ગામે કપાસના કડદા ના મુદ્દે થયેલા ખેડુત-પોલીસ ઘર્ષણના કેસમાં મોટી અપડેટ બહાર આવી છે, જે કેસમાં બોટાદ કોર્ટે ૨૮ વ્યકિતઓના જામીન મંજુર કર્યા છે, ઉલ્લેખનીય છે કે આ કેસમાં ૩૬ લોકો વિરૂધ્ધ ગુન્હો દાખલ થયો હતો. જો કે ટોટલ ૮૫ લોકો વિરૂધ્ધ ગુન્હો દાખલ થયો હતો. હડદડ માં મચી હતી ભગદડ, ગઈ ૧૨ ઓકટોબરે કપાસમાં વેપારીઓ દ્વારા કડદો કરવામાં આવી રહ્યો હોવાના આક્ષેપ સાથે આમ આદમી પાર્ટી દ્વારા એક જનસભા યોજવામાં આવી હતી. જેમાં પોલીસ અને ખેડુતો વચ્ચે બબાલ થઈ હતી. આ મહાપંચાયત દરમિયાન ખેડુતો અને પોલીસ વચ્ચે તંગદીલી વધી જતા વાતાવરણ ગરમાયુ હતુ અને સ્થિતિ બેકાબુ થતા પોલીસે લાઠીચાર્જ કરવાની સાથે ટીયરગેસના સેલ છોડવાની કાર્યવાહી કરી હતી, ૮૫ વ્યકિતઓ વિરૂધ્ધ ગુન્હો દાખલ થયો હતો, આ ઘટનાને પગલે પોલીસે કુલ ૮૫ વ્યકિતઓ વિરૂધ્ધ ગુન્હો દાખલ કર્યો હતો જેમાંથી ૭૦ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. અગાઉ આ કેસમાં ૬ આરોપીઓને હાઈકોર્ટ દ્વારા જામીન આપવામાં આવ્યા હતા ત્યારબાદ કુલ ૩૬ વ્યકિતઓએ બોટાદ સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. જેમાંથી આજે શુક્રવારે કોર્ટે ૨૮ લોકોના જામીન મંજુર કર્યા હતા. જયારે બાકીની ૮ વ્યકિતઓની અરજી હજુ પેન્ડીંગ છે. વર્તમાન સ્થિતિ મુજબ ૩૬ વ્યકિતઓ હજુ જેલમાં છે અને ૧૫ લોકોની ધરપકડ કરવાની બાકી છે.

# મુંદ્રામાં ખોટી શંકાનો કરૂણ અંજામ: પત્નીની છરીના ઘા ઝીંકીને હત્યા કર્યા બાદ પતિની આત્મહત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

કચ્છના મુંદ્રા તાલુકાના ઝરપરા ગામે શંકાના આધારે એક વયોવૃદ્ધ પતિએ પોતાની પત્નીની ઘાતકી હત્યા કરી નાખ્યા બાદ પોતે પણ ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. જમીનમાંથી નામ કઢાવી નાખી ઘરમાંથી કાઢી મૂકશે તેવા ખોટા વહેમમાં એક પરિવારે પોતાનો માળો વિંખી નાખ્યો હતો. આ કરૂણાંતિકા ઝરપરા ગામના લૈયારા વાડી વિસ્તારમાં ગત રાત્રિથી આજે સવારના અરસામાં બની હતી. મુંદ્રા પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ, શંકાશીલ અને ઝનૂની સ્વભાવના સવરાજ જખા સેડા (ગઢવી)એ ગત મધરાત્રે પત્ની હીરબાઈ પર છરી વડે હુમલો કરી તેમની હત્યા કરી નાખી હતી. વહેલી સવારે લગભગ સાડા ચાર વાગ્યે આ બનાવની જાણ થઈ હતી. હત્યા કર્યા બાદ સવરાજ ઘરેથી ફરાર થઈ ગયો હતો. આ ઘટના અંગે મૃતક હીરબાઈના પુત્ર વાલજીએ આજે સવારે મુંદ્રા પોલીસ મથકે પોતાના પિતા સવરાજ વિરુદ્ધ હત્યાની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં તેણે જણાવ્યું કે, તેના પિતા સવરાજને એવી દ્રઢ શંકા હતી કે તેની પત્ની અને બંને દીકરા એકસંપ થઈને જમીનમાંથી તેમનું નામ કઢાવી નાખશે અને તેને ઘરમાંથી કાઢી મૂકશે. આ જ શંકાને કારણે તે અવારનવાર ઘરમાં ઝઘડો કરતા હતા. ફરિયાદ નોંધાયા બાદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. હીરબાઈના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મુંદ્રાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યો હતો અને ફરાર પતિ સવરાજની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. આ દરમિયાન, આજે સવારે ૧૧ વાગ્યાના અરસામાં, ઘટના સ્થળેથી થોડેક જ દૂર નદીના પટના વગડામાં એક ઝાડ પરથી સવરાજની ફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી આવી હતી.